


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 230 | AD-2022, Vaishakh Vad-10, Wednesday, Dt. 25-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### જાપાનમાં ક્વાડ સમિટ પછી પ્રધાનમંત્રી મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઇ

# ભારતે કોરોના પર લોકશાહીની રીતે કાબુ મેળવ્યો : જો બાઈડન

(એ.આર.એલ),ટોક્યો,તા.૨૪

જાપાનમાં ક્વાડ સમિટ પછી વડાપ્રધાન મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને દ્વિપક્ષીય બેઠક કરી છે. આ દરમિયાન બાઈડને કોરોનાના સમય દરમિયાન ભારતના કામોની પ્રશંસા કરી. બીજી તરફ વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકાની પાર્ટનરશીપ ખરેખર વિશ્વાસની પાર્ટનરશીપ છે. આપણા એક સરખા હિતોએ બંને દેશોની વચ્ચેના વિશ્વાસના આ બંધનને મજબુત કર્યું છે.

આ પહેલા સમિટમાં બાઈડને કોરોના મહામારીમાંથી બહાર આવવાને લઈને મોદીએ કરેલા કામની પ્રશંસા કરી હતી. બાઈડને મહામારીમાંથી બહાર આવવાને લઈને ચીન અને ભારત કરેલા કાર્યોની સરખામણી કરી હતી અને તેમાં ચીનને આ મામલે નિષ્ફળ ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે મોટા પ્રમાણમાં વસ્તી હોવા છતાં ભારતે કોરોના પર લોકશાહીની રીતે કાબુ મેળવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું- મને વિશ્વાસ છે કે આપણી વચ્ચે ઈન્ડિયા-યુએસએ ઈન્વેસ્ટમેન્ટ ઈન્સેન્ટિવ એગ્રીમેન્ટથી રોકાણના ક્ષેત્રમાં વધારો જોવા મળશે. બાઈડને કહ્યું કે બંને દેશ ભેગા થઈને ઘણું બધુ કરી શકે છે અને હજી પણ કરશે. હું અમેરિકા-ભારતની પાર્ટનરશીપને હજી પણ વધુ મજબુત બનાવવા માટે કમિટેડ છું.



ક્વાડ સમિટમાં બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે ક્વાડની સફળતાની પાછળ સહયોગી દેશોની નિષ્ઠા છે. કોરોનાના સમયે આપણે બધાએ સપ્લાઈ ચેન દ્વારા તેમાંથી બહાર આવવાનો શક્ય તેટલો પ્રયત્ન કર્યો. વડાપ્રધાને વધુમાં કહ્યું કે હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં આપણા બધાની પહેલી પ્રાથમિકતા સુરક્ષા છે. ક્વાડે ખૂબ જ ઓછા સમયમાં એક સારી ઓળખ બનાવી છે.પીએમ મોદીએ કહ્યું કે ભારત અને અમેરિકાની રણનીતિક ભાગીદારી સાચા અર્થમાં એક વિશ્વાસની ભાગીદારી છે. અનેક ક્ષેત્રોમાં અમારા આ સરખા હિતોએ વિશ્વાસના સંબંધને મજબૂત બનાવ્યો છે. વેપાર અને રોકાણમાં પણ સતત વધારો થયો છે. જો કે આ અમારી તાકાત કરતા ઘણો ઓછો છે તેમણે કહ્યું કે ટેક્નોલોજી ક્ષેત્રે અમે દ્વિપક્ષીય સહયોગ વધારી રહ્યા છીએ અને વૈશ્વિક મુદ્દાઓ ઉપર પણ પરસ્પર સમન્વય કરી રહ્યા છીએ.

તેમણે વધુમાં કહ્યું હતું કે ક્વાડનો વ્યાપ વધી ગયો છે અને સ્વરૂપ પ્રભાવી થઈ ગયું છે. આપણો પરસ્પર વિશ્વાસ, દૃઢ સંકલ્પ, લોકાશાહીની શક્તિઓને નવી ઊર્જા અને ઉત્સાહ આપી રહ્યો છે. આ દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને કહ્યું હતું કે હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીન સતત પડકાર સર્જી રહ્યું છે. તેમણે યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ઠેરવ્યું છે. તેમણે આગળ કહ્યું હતું કે રશિયા જંગ સમાપ્ત કરવાના મૂડમાં નથી.

બીજી બાજુ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું કે પીએમ મોદી, આપણા દેશ ભેગા મળીને ઘણું બધુ કરી શકે છે અને કરશે પણ ખરા. હું પૃથ્વી પર અમારા સૌથી નજીકના અમેરિકા-ભારત વચ્ચે ભાગીદારી બનાવવા માટે પ્રતિબદ્ધ છું. મોદીએ જાપાનની મુલાકાત દરમિયાન ઓટોમાબાઈલની જાણીતી સુઝુકી કોર્પોરેશનના એડવાઈઝર ઓસામુ સુઝુકી સાથે મુલાકાત કર્યા બાદ સોફ્ટબેંક ગ્રુપ કોર્પોરેશનના બોર્ડ ડાયરેક્ટર માસાયોશી સોન સાથે મુલાકાત કરી હતી.







## ‘દાઉદમામા કરાચીમાં જ છે’ ભાણેજની ઈડી સમક્ષ કબુલાત

(એ.આર.એલ),મુંબઈ.તા.૨૪

આતંકવાદી અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ભાણેજ અલીશાહ પારકરે ખુલાસો કર્યો છે કે ભારતનો મોસ્ટ વોન્ટેડ ભાગેડુ દાઉદ ઈબ્રાહિમ પાકિસ્તાનના કરાચીમાં છે અને તેનો પરિવાર તહેવારોના પ્રસંગો દરમિયાન દાઉદની પત્ની સાથે સંપર્કમાં રહે છે. ઈડીને આપેલા નિવેદનમાં, અંડરવર્લ્ડ ડોનના ભત્રીજા અલીશાહ પારકરે ખુલાસો કર્યો છે કે દાઉદ કરાચી, પાકિસ્તાનમાં રહે છે અને તેના જન્મ પહેલાં જ તે ૧૯૮૬ પછી ભારત છોડી ભાગી ગયો હતો.




## જોઇએ છે

શૈક્ષણિક ટોય અને કીટનું એસેમ્બલ કરાવવા ઘેર બેઠા કામ કરાવી શકે અને રોજેરોજનું સંચાલન કરી શકે તેવા કો-ઓર્ડીનેટર સંપર્ક કરે.

મો.૯૮૭૦૦૫૦૮૧૦ પર વિગત મોકલવી


















# પડતર પ્રશ્નોના નિરાકરણ માટે અમરેલી ડીઆરડીએ કચેરી સામે કર્મચારીઓના ધરણા

અમરેલી,તા.૨૪

અમરેલીમાં સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ યોજના અંતગર્ત કામગીરી કરતા કર્મચારીઓએ પોતાની પડતર માંગણી માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે ધરણા કરી રોષ વ્યકત કર્યો છે. કર્મચારીઓએ જણાવ્યું હતું કે, સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ યોજનાના કર્મચારીઓએ



શૌચાલય મુકત રાજય કરવા માટે ખુબજ કામગીરી કરેલ છે. આ કર્મચારીઓને મામુલી વેતન મળતુ હોવાથી કર્મચારીઓની હાલત કફોડી બની જવા પામી છે. હાલની મોંઘવારી જોતા કર્મચારીઓને ઘર ચલાવવાના પણ ફાંફા પડી રહ્યાં છે ત્યારે કર્મચારીઓ દ્વારા ડીઆરડીએ કચેરી સામે ધરણા કરી પડતર માંગ સંતોષવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

# થોરડી ગામે લાખોના વીજ બીલ ફટકારાતા ધારાસભ્યની રજૂઆત

અમરેલી,તા.૨૪

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે વીજ ગ્રાહકોને લાખો રૂપિયાના વીજબીલ ફટકારવામાં આવતા હોવાથી આ અંગે ધારાસભ્ય પ્રતાપ દુધાતે રાજયના ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈને પત્ર પાઠવી રજૂઆત કરી છે. ધારાસભ્ય દુધાતે રજૂઆતમાં જણાવ્યું છે કે, થોરડી ગામમાં અનેક લોકો વીજ ઉપકરણોનો નજીવો ઉપયોગ કરી રહ્યાં છે. ઘરવપરાશ સિવાયના અન્ય કોઈ વીજ ઉપકરણો વાપરતા નથી આમછતાં વીજપડી વીજ કચેરી દ્વારા લાખો રૂપિયાના વીજ બીલ ફટકારવામાં આવી રહ્યાં છે. થોરડીના બાબુભાઈ પરમારને



રૂા.૫.૦૮ લાખનું વીજબીલ આપવામાં આવ્યુ છે. આ બાબતે વીજ તંત્ર એવુ જણાવે છે કે, વીજગ્રાહક દ્વારા બીલ ભરેલ ન હોવાના કારણે આટલુ બીલ આવેલ છે. વીજ ગ્રાહકને આટલુ મસમોટુ બીલ ફટકારવામાં આવતા ઉર્જામંત્રીને રજૂઆત કરી ઘટતુ કરવા જણાવાયુ છે.

# પીપાવાવના વિદ્યાર્થીએ ધો. ૧૨ સાયન્સમાં કર્યો ઉત્કૃષ્ટ દેખાવ



રાજુલા તા.૨૪

પીપાવાવધામના વિદ્યાર્થી સાંખટ લાલજીભાઈ રાજુભાઈ ધો.૧૨માં ઉત્કૃષ્ટ દેખાવ કરી દેવકા વિદ્યાપીઠમાં પ્રથમ ક્રમાંક મેળવતાં હિરાભાઈ સોલંકી દ્વારા વિદ્યાર્થીનું સન્માન કરી ઈનામ ભેટ આપવામાં આવી હતી.

# કોરોના રસીકરણ મામલે અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી રાજુલાની મુલાકાતે

રાજુલા,તા.૨૪

અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જયેશ પટેલના માર્ગદર્શન નીચે મેગા કોવિડ વેક્સિનેશન ડ્રાઈવ રાજુલા ખાતે યોજવામાં આવી હતી. જેમાં કોવિડ રસીકરણમાં ૧૨થી ૧૪ વર્ષના ૧૨૩૭ બાળકોને, ૧૫થી ૧૭ વર્ષના ૪૦૧ બાળકોને અને



તસવીર : ગોપાલ રાઠોડ

૧૮ વર્ષથી ઉપરના ૧૭૭૬ બાળકોને રસીનો ડોઝ આપી સરાહનીય કાર્ય કરવામાં આવ્યુ છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ કોવિડ સેશન સાઈટની મુલાકાત કરી ટીએચઓ ડો.કલસરીયાને જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી અને બાકી રહેલા તમામ બાળકોને જરૂરી ડોઝ મળી રહે તે માટે પ્રયત્નો કરવામાં આવે તેમ જણાવ્યું હતુ.

# બગસરાથી સુરત વધુ એક એસ.ટી. બસ સેવા શરૂ

અમરેલી,તા.૨૪

આજથી બગસરાથી સુરત જવા માટે વધુ એક એસ.ટી. બસ સેવા શરૂ કરવામાં આવતાં આ પંથકના મુસાફરોમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી છે. બગસરાથી વહેલી સવારે ૭:૦૦ વાગ્યે બસ ઉપડશે. આ બસ કુંકાવાવ, દેરડી,બાબરા, આટકોટ, જસદણ, ધંધુકા થઈને સાંજે ૭:૦૦ કલાકે સુરત પહોંચશે અને સુરતથી વહેલી સવારે ૭:૦૦ કલાકે ઉપડી આ જ રૂટ પરથી બગસરા પહોંચશે. આ બસ સેવા શરૂ થતા કુંકાવાવ, દેરડી, બાબરા પંથકના મુસાફરોને પણ લાભ મળશે. આ બસ સેવાનો ગ્રામ્ય વિસ્તારોને વધુમાં વધુ લાભ મળશે. આ બસ સેવાનો લાભ લેવા ડેપો મેનેજર દ્વારા અનુરોધ કરાયો છે.

# ડો.કલામ ઈનોવેટીવ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને ડ્રીમ ડાયરીની ભેટ

અમરેલી,તા.૨૪

અમરેલીમાં ડો.કલામ ઈનોવેટીવ સ્કૂલ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ઈશ્વરીયા, મતિરાળા,વરસડા તેમજ અમરેલીમાં અલગ-અલગ વિષય પર ચિત્ર તૈયાર કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેવા બદલ સ્પર્ધકોને વિશિષ્ટ ઈનામમાં ડ્રીમ ડાયરી આપવામાં આવી હતી.



આ ડ્રીમ ડાયરીનું વિમોચન મોરારી બાપૂના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ ડાયરી વિશ્વના ૨૧ દેશોમાં પ્રસિધ્ધ થયેલી છે.

# અમરેલી એસ.ડી. કોટક લો-કોલેજમાં પ્રવેશ જોગ



અમરેલી તા.૨૪

અમરેલીમાં આવેલ એસ.ડી. કોટક લો-કોલેજમાં એલ.એલ.બી. સેમે.૧માં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે આજરોજ તા. ૨૫ થી ૪ જૂન દરમિયાન કોલેજ કાર્યાલય સમય ૧૧:૦૦ થી ૨:૦૦ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરી શકશે.

# શેલણા ગામે કેન્સરના દર્દીને ચેક અર્પણ કરવામાં આવ્યો

અમરેલી,તા.૨૪

રાજય સરકાર દ્વારા કેન્સરના દર્દીઓને આર્થિક સહાય મળે અને આ આર્થિક સહાય તેમને મદદરૂપ થાય તે હેતું માટે ગ્રાન્ટ ફાળવાવમાં આવે છે. જે અંતગર્ત સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે કેન્સરના દર્દીઓને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે, જિ.પં.સદસ્ય



પુનાભાઈ ગજેરા, કાળુભાઈ લુણસર, મહેશભાઈ ખુમાણ સહિતના અગ્રણીઓ હાજર રહ્યાં હતા.

# દામનગર નગરપાલિકા ઉદાર બની ૧૫ની સામે ૨૫ હજાર ચુકવ્યાં

દામનગર તા.૨૪

દામનગર નગરપાલિકા દેવાળુ ફૂંકવા બેઠી હોય તેમ પાલિકાની તિજોરીને લાખો રૂપિયાનો ધુંબો માર્યા હોવાનું સામે આવ્યું છે. પાલિકાના સત્તાધિશો આટલા બધા કોના કહેવાથી ? ઓળઘોળ થઈ રહ્યાં છે તેવી ચર્ચાઓ થઈ રહી છે. માલ - સામાનની ખરીદીમાં



તસવીર : વિનોદ જયપાલ

રૂા.૧૫ હજારનું બીલ હોય તેને રૂા. ૨૫ હજાર આપવામાં આવ્યાં છે. તો ઓડીટ રિપોર્ટમાં રૂા.૧૦ લાખનો બળતણ ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. આ ખર્ચ ક્યાં કર્યો છે તે પણ એક સવાલ છે. પાલિકા દ્વારા ૭ લાખ રૂપિયાનું ડસ્ટબીન ઈલેક્ટ્રાનિક્સના વેપારી પાસેથી ખરીદી કરી હોવાનું જાણવા મળેલ છે. આ બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

# બાબરામાં નલ સે જલ યોજના અંતર્ગત રૂા. સાત કરોડ મંજૂર

બાબરા તા.૨૪

બાબરામાં નલ સે જલ યોજના અંતર્ગત રૂા. ૭ કરોડનો પ્રોજેક્ટ મંજૂર થતાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. શહેરમાં વધતી જતી વસતીને કારણે ક્યારેક પાણીની સમસ્યાનો શહેરીજનોને સામનો કરવો પડતો હતો. ત્યારે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૭ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. આ અંગે લલીતભાઈ આંબલીયાએ જણાવ્યું હતું કે, હાલ પાલિકા પાસે પાણી વિતરણની સિસ્ટમ ખૂબજ જૂની હોવાથી છેવાડાના વિસ્તારોમાં પુરતા પ્રેશરથી પાણી મળતું ન હતું. જો કે હવે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૭ કરોડના ખર્ચે નલ સે જલ



પ્રોજેક્ટ અમલમાં આવતા પીવાના પાણીની સુવિધા સુદ્રઢ બનશે. પાણી વિતરણ માટે અલગ અલગ વિસ્તારમાં બે લાખ લિટરના પાણીના ટાંકાઓ બનાવવામાં આવશે જેના કારણે શહેરીજનોને દરરોજ નિયમિત પાણી મળી શકશે. આ પ્રોજેક્ટ માટે વસંતભાઈ તેરૈયા, ભુપતભાઈ બસીયા સહિત ભાજપ ટીમની મહેનત રંગ લાવી હતી.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥



જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં

Navnit HONDA GENERATORS

ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300

ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::

નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત

કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ

પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# પાલિકા દ્વારા અપાતી આવશ્યક સેવાઓ અંગેની માહિતી સાર્વજનિક કરવા માંગ



અમરેલી, તા. ૨૪

અમરેલી નગરપાલિકાના વિપક્ષ નેતા સમીર કુરેશી દ્વારા ચીફ ઓફિસરને પત્ર પાઠવી પાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી આવશ્યક સેવાઓ અંગેની માહિતી જાહેર જનતા માટે સાર્વજનિક કરવા માંગ કરવામાં આવી છે. પાલિકા દ્વારા જે એજન્સીઓને ડોર-ટુ-ડોર કચરા ઉપાડવા, આરોગ્યલક્ષી સેવાઓ વગેરે કામ આપવામાં આવે છે તે એજન્સીઓના કોન્ટેક્ટ નંબર તથા ઓફિસ એડ્રેસ જેવી માહિતી સાર્વજનિક કરવામાં આવે, અન્યથા દિન-૭ પછી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# અમરેલી જિલ્લામાં ટ્રાફિક બ્રિગેડની જગ્યાઓ ભરવા શારીરિક કસોટી



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં ટ્રાફિક બ્રિગેડની ૫૯ જગ્યાઓ ખાલી હોય, જે જગ્યાઓ ભરવા એસપી હિમકરસિંહ દ્વારા સૂચના આપવામાં આવતા અમરેલીમાંથી ૩૫૯ ઉમેદવારોએ અરજી કરી હતી. ત્યારે ગઈકાલે ઉમેદવારોની શારીરિક કસોટી લેવામાં આવી હતી. જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ-અમરેલી તથા જિલ્લા ટ્રાફિક શાખા અમરેલી દ્વારા આયોજિત ભરતી કમિટી દ્વારા અમરેલીના હેડ ક્વાર્ટર ખાતે ઉમેદવારોના શારીરિક કસોટી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ તકે ડીવાયએસપી ભંડારી, પી. બી. જાધવ, પીઆઈ ફુગસીયા, પીઆઈ. ખમલ, જિલ્લા ટ્રાફિક એજ્યુ.ના ટ્રસ્ટી કાંતિભાઈ વઘાસીયા, જયસુખભાઈ ઢોલરીયા સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવળા ખાતે નવી આંગણવાડીનું સ્થળ ફેરફાર કરવા રજૂઆત

અમરેલી, તા. ૨૪

ધારી તાલુકાના દેવળા ખાતે કોર્ડ નં. ૮૯ની આંગણવાડીનું સ્થળ ફેરફાર કરવા ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવ્યા પ્રમાણે હાલ દેવળા ગામે કોર્ડ નં. ૮૯ની આંગણવાડી બનાવવાનું કામ મંજૂર થયેલ હોય, પરંતુ આ આંગણવાડીનું સ્થળ અમારા વિસ્તારથી આશરે ૧.૫ કિ.મી. દૂર ડાભાળી રોડ, નદીના સામા કાંઠે આવેલ હોય, જેથી ૩ થી ૬ વર્ષના બાળકોને ૧.૫ કિ.મી. દૂર લઈ જવા તથા લાવવામાં હાલાકી પડે તેમ છે. આથી અમારા વિસ્તારની આંગણવાડી અમારા જ વિસ્તારમાં નિશાળ પાછળ અથવા નિશાળની અંદર બનાવવામાં આવે તો અમારા બાળકોને આવવા-જવામાં સરળતા રહે, આથી સ્થળ ફેરફાર કરી આપવા રજૂઆત કરાઈ છે.

# અમરેલીમાં કોન્ટ્રાક્ટરના રહેણાંક મકાનેથી દારૂની બોટલો ઝડપાઈ

અમરેલી, તા.૨૪

અમરેલી શહેરમાંથી પોલીસે દારૂની બોટલો અને પાઉચનો જથ્થો ઝડપી પાડ્યો હતો. શહેરમાં રહેતા અને કોન્ટ્રાકટરનો ધંધો કરતાં દિવ્યકાંત ખીમસુરીયા (ઉ.વ.૪૩) ના રહેણાંક મકાનેથી પાસ પરમીટ વગર ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૯ બોટલ, ૨૦ પાઉચ મળી ૪૧૫૪ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ મળી આવ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સચિનભાઈ મનુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે. બગસરામાં નિલેશભાઈ તન્નાના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૪૧ બોટલ મળી આવી હતી. પોલીસે મોબાઈલ ફોન, દારૂ સહિત ૧૦,૫૦૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ કે.એમ.ડાભી વધુ તપાસ કરી રહ્યા છે. ડેડાણ ગામેથી એક યુવક પાસેથી ૭૫ લીટર દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ શરાબી ઝડપાયા હતા. આ સિવાય ચિતલ અને અમરેલીમાંથી પીધેલી હાલતમાં વાહન ચલાવતાં બે ઈસમો પકડાયા હતા.

# બાબરાના ચરખા ગામે ટ્રેક્ટર નીચે દબાઈ જતાં સગીરનું મોત

બાબરા, તા.૨૪

બાબરા તાલુકાના ચરખા ગામે વાડીએ રમતાં સગીરથી રમતાં રમતાં ટ્રેક્ટર ચાલુ થઈ ગયું હતું. જેના કારણે તે નીચે પડી જતાં તેના પર ટ્રેક્ટરનું વ્હીલ ફરી વળતાં મરણ પામ્યો હતો. સગીરના મોતના પગલે શોકનો માહોલ છવાઈ ગયો હતો.

આ બનાવ અંગે મહેશભાઈ શામજીભાઈ શિયાણીએ જાહેર કર્યા મુજબ, તેમના મોટાભાઈનો સગીર પુત્ર વાડીએ ટ્રેક્ટર પાસે રમતો હતો ત્યારે રમતાં રમતાં ટ્રેક્ટર પર ચડી જતાં ટ્રેક્ટર ચાલુ થઈ ગયું હતું. જેથી તે નીચે પડતાં ટ્રેક્ટરનું ટાયર તેના પર ફરી વળતાં ગંભીર ઈજા થવાથી મરણ પામ્યો હતો.

બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી.પાનસુરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં સંભવનાથ જિનાલયના ૨૦૧ વર્ષ પૂર્ણ થતાં મહોત્સવ યોજાયો



અમરેલી,તા.૨૪

અમરેલીમાં સંભવનાથ જિનાલયને ૨૦૧ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે જૈન સંઘ દ્વારા પાંચ દિવસીય ધાર્મિક મહોત્સવ યોજાયો હતો. અહી દિવસે જૈન સંઘના ત્રણેય મહિલા મંડળો દ્વારા પંચ કલ્યાણ પૂજા ભણાવવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી. તેમજ સમુહ સામાયિક રાખવામાં આવ્યું હતું. અહીના કાર્યક્રમમાં અમરેલીના દિકરી મહારાજદ પદમયેશાશ્રીજી, રત્નમાલાશ્રીજી, નીલરત્નાશ્રીજી તથા પૂ. તીર્થેશપદ્માજીની નિશ્રામાં પ્રેરણારૂપ થયેલ હતી. જૈન સંઘ દ્વારા ભગવંત વિજય નિર્મળચંદ્ર સુરીશ્વરજી, મુનીરાજ કલ્પચંદ્ર વિજયજીના સામૈયા કર્યા હતા.

# રાંદલના દડવા ખાતે મહિલા સહકારી સેમીનાર



અમરેલી તા.૨૪

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં રાંદલના દડવા ખાતે મહિલા સહકારી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અમરવેલી નાગરીક શરાફી સહકારી મંડળી લી.નાં અધ્યક્ષ રેખાબેન માવદીયા, એકતા મહિલા શરાફી સહકારી મંડળી લી.ના અધ્યક્ષ રંજનબેન ડાભી, રાંદલ દડવા મહિલા દૂધ સહકારી મંડળીના પ્રમુખ વેલજીભાઈ ખૂંટ, મંત્રી વર્ષાબેન ખૂંટ, મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના અધિકારી ડો.રાકેશભાઈ ડેલુ, દેવળીયા મધ્યસ્થ બ્રાંચના મેનેજર એ.એસ. ગોલ, અમરેલી જિલ્લા સહકારી સંઘના મેનેજર ભાર્ગવભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં. મનીષ સંઘાણીઅસહકારી મંડળી દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિના માધ્યમથી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે હાંકલ કરી હતી.

તેમજ મહિલાઓને લગતી સહકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા સંદિપભાઈ ઠાકર અને પુજા પંડયાએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં રિક્ષા ચાલક મહિલાને અડફેટે લઈ ફરાર થયો, ફરિયાદ

અમરેલી, તા.૨૪

અમરેલીમાં નાના બસ સ્ટેન્ડ પાસે રિક્ષા ચાલકે મહિલાને અડફેટે લીધી હતી. મહિલા ઈજાગ્રસ્ત થયા બાદ રિક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે ઉદયભાઈ જોષીએ અજાણ્યા રિક્ષા ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ રિક્ષા ચાલકે ફૂલ સ્પીડે આવી તેમના પત્ની શીતલબેન સાથે અથડાવી હતી. જેમાં તેમને માથામા તેમજ શરીરે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત સર્જી રિક્ષા ચાલક ફરાર થઈ ગયો હતો.

## અવસાન નોંધ

**મોટી કુંકાવાવ**

મોટી કુંકાવાવ નિવાસી ગોરધનભાઇ કાનજીભાઇ ટાઢાણીના પુત્ર દિનેશભાઇ (ઉ.વ.૫૬) તે અરવિંદભાઇના મોટાભાઇ તથા મીરાજભાઇ (યુએસએ), ચિંતનભાઇ (ઓસ્ટ્રેલીયા) અને ચિરાગભાઇના પિતાશ્રીનું તા. ૨૨ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.


અમરેલી, બગસરા બાદ
હવે દીવમાં...
પ્રોફેશનલ ફેમીલી બોડી સ્પા




Ladies & Gents
Appointment Now } 70169 65665 { બાયપાસ, અમરેલી
Appointment Now } 95378 65665 { ઘોઘલા બીચ, દીવ


**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા, બગસરા, જિ.અમરેલી**

નં.એમએજી/વશી/ /૨૦૨૨ રજીનં.૨૫/૨૦૨૨ તા.૨૩/૦૫/૨૦૨૨

અરજદાર:- શ્રી ભારતીબેન રાજેન્દ્રકુમાર પટેલ
રહે.કમલા પાર્ક સોસાયટી, એમ.જી.રોડ, રેયમોર્ડ શો રૂમ, તા.બારડોલી, જિ.સુરત
અરજદારશ્રીના વકીલ એમ.એસ.ચાવડા, મું.તા.બગસરા, જિ.બગસરા, મો.૯૯૭૮૭ ૨૩૪૬૪

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
-વ-
ત.ક.મ.શ્રી, જુના વાઘણીયા મું.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

**-// નોટીસ //-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના જુના વાઘાણીયા ગામના રહીશ **શ્રી ભારતીબેન રાજેન્દ્રકુમાર પટેલ** તેમની **પુત્રી શ્રી ધારા રાજેન્દ્રકુમાર પટેલનો** જન્મ તા.૨૦/૦૫/૧૯૯૨ ના રોજ બગસરા તાલુકાના જુના વાઘાણીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૬/૨૦૨૨ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સ્થળ:- બગસરા
તા.૨૩/૦૫/૨૦૨૨
કોર્ટનો સિક્કો
સહી
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા





વોલ્ટાસના ઓથો.ડીલર A/C - DEEP FREEZE - BOOTLE COOLER - WATER COOLER
એવરેસ્ટ ટ્રેડર્સ(રેફ્રીજરેશન) મો.૯૮૨૫૩ ૩૫૬૪૫ સર્વિસ નં.૭૦૧૬૩ ૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



KAKA PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી





માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત
પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.
શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ - ૪ થી ૮
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ
ધોરણ - ૯ થી ૧૦
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ
સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.
Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533
તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ
શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજ્યુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઈલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય/બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તીર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઈચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય
આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"
સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ "પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ" - આટકોટ

**તંત્રી સ્થાનેથી**

# જાપાન સાથે સાંસ્કૃતિક એકતા

બૌદ્ધ ધર્મનો ઉદય ભારતમાં  થયો પરંતુ તેનો સૌથી વધુ ફેલાવો દક્ષિણ-પૂર્વ એશિયામાં થયો ખાસ કરીને જાપાન તેમાં અગ્રસ્થાને છે અઢી હજાર વર્ષ પહેલા ભગવાન બુદ્ધે ઉપદેશ આપ્યો તે ઉપદેશ મુજબ જીવનશૈલી અપનાવીને આજે જાપાન દુનિયામાં નંબર વન છે જ્યારે ભારતની અંદર બૌદ્ધ ધર્મ ધર્મનું અસ્તિત્વ ખૂબ ઓછું  રહ્યું. સદીઓથી ભારત અને જાપાન વચ્ચે સાંસ્કૃતિક અને સામાજિક એકતાના તાણાવાણા વણાયેલા તે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની જાપાન મુલાકાત વખતે જોવા મળ્યા વડાપ્રધાન નરેન્દ્ર મોદી **Quad** શિખર સંમેલનમાં સહભાગી બનવા માટે જાપાનના પ્રવાસે છે.

પીએમ નરેન્દ્ર મોદી આ દિવસોમાં જાપાનની મુલાકાતે છે. ૨૦૧૪માં સત્તામાં આવ્યા બાદ વડાપ્રધાનની જાપાનની આ ૫-મી મુલાકાત છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પણ પીએમ મોદીએ ભારત-જાપાન સંબંધોને મજબૂત કરવા માટે ખાસ પ્રયાસો કર્યા હતા.

જાપાનની મુલાકાતે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભારતીય સમુદાયે દબદબાભેર સ્વાગત કર્યુ હતું. જય શ્રીરામ અને ભારત માતા કી જય ના નારા લાગ્યા હતા. જાપાનના પાટનગર ટોક્યોમાં મોદીએ ભારતીય સમુદાયને સંબોધતી વખતે કહ્યું હતુંઃ ભારત-જાપાનનો સંબંધો બુદ્ધના સમયનો છે. ભારત-જાપાન વચ્ચે બુદ્ધ અને બોધનો સંબંધ છે. દુનિયાએ આજે બુદ્ધના વિચારો પર ચાલવાની જરૂર છે. બુદ્ધનો બતાવેલો રસ્તો જ દુનિયાને નવા ઉભા થયેલા પડકારોનો સામનો કરવાની શક્તિ આપશે. હિંસા, અરાજકતા, આતંકવાદ, ક્લાઈમેટ ચેન્જ સહિતના આજના માનવી સામે ખડી થયેલી સમસ્યાનો ઉકેલ બુદ્ધના વિચારોમાં પડયો છે. મોદીએ વિવેકાનંદને પણ યાદ કર્યા હતા. સ્વામી વિવેકાનંદ અમેરિકા જતા પહેલાં જાપાનમાં પણ આવ્યા હતા. એ વખતે તેમના પર જાપાનનો ઊંડો પ્રભાવ પડયો હતો અને તેમણે નોંધ્યું હતું કે દરેક ભારતીય સાહસિક યુવાને એક વખત જાપાનનો પ્રવાસ કરવો જોઈએ. મોદીએ ઉમેર્યુ હતું કે આજે દરેક જાપાની યુવાને એક વખત ભારતનો પ્રવાસ કરવો જોઈએ. ભારત સાંસ્કૃતિક રીતે ખૂબ જ સંપન્ન છે.

મોદીએ કહ્યું હતું કે મારો ઉછેર એવી રીતે થયો છે એટલે મને માખણ ઉપર રેખા ખેંચવાને બદલે પથ્થરો ઉપર રેખા ખેંચવાનો વધારે આનંદ આવે છે. જાપાન ભારતનું નેચરલ પાર્ટનર છે એમ કહીને મોદીએ બંને દેશો વચ્ચે શરૂ થયેલા આર્થિક સહયોગની વાત પણ કરી હતી. જેમાં મુંબઈ-અમદાવાદ બુલેટટ્રેન, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. ભારત ક્લાઈમેટ ચેન્જ બાબતે ખૂબ જ અસરકારક પગલાં ભરે છે. ૨૦૩૦ સુધીમાં કુલ વપરાશની ૫૦ ટકા ઉર્જા પરંપરાગત સ્ત્રોતને બદલે પુનઃપ્રાપ્ય સ્ત્રોતથી કરવાના લક્ષ્યાંક સેટ કરાયો છે. ભારતની ડિજિટલ ક્રાંતિ થઈ હોવાથી ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમ દુનિયામાં સૌથી વધુ થયું હોવાનું તેમણે જણાવ્યું હતું.

# વચગાળાના જામીન પર છૂટી ફરાર થઈ ગયેલો કેદી ઝડપાયો

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં ગુના આચરીને ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી પેરોલ, ફર્લો તથા વચગાળાના જામીન પર છુટી ફરાર થઈ ગયેલા કેદીઓને પકડવા અમરેલી એલસીબી ટીમ અમરેલી સિટી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, મૂળ બોટાદ જિલ્લાના તાજપર ગામનો અને હાલ સિહોર તાલુકાના સણોસરા ગામે રહેતો



પ્રકાશ ઈશ્વરભાઈ કમેજાળીયા અમરેલી સિવિલ હોસ્પિટલ પાસે છે. જે બાદ એલસીબી ટીમે તેને પકડી પાડ્યો હતો. કાચા કામનો કેદી સાત દિવસના વચગાળાના જામીન પર છૂટ્યા બાદ ૨૩-૧૦-૨૦૨૧ના રોજ અમરેલી જિલ્લા જેલમાં હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો.

# નવા વાઘણીયા ગામે રેપ કેસ કરવાની ધમકી આપતાં પુરુષે ઝેરી દવા પીધી

બગસરા, તા.૨૪

બગસરાના નવા વાઘણીયા ગામે રહેતા ચતુરભાઈ ઉર્ફે નરેશભાઈ અરજણભાઈ પરમાર (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારના ગામમાં રહેતા વાલજીભાઈ કરશનભાઈ ખુમાણ તથા રેખાબેન મનસુખભાઈ ખુમાણ રેપનો કેસ કરવાની ધમકી આપતા હતા. જેના ત્રાસના કારણે કંટાળી જાતે બગસરા કુંકાવાવ રોડ ઉપર આવેલ જાનકી ડેરીની સામે કપાસમાં છાંટવાની ઝેરી દવાની બોટલમાંથી એક ઘુંટડો ઝેરી દવા પી લીધી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી.બલસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# મારી સાથે વેવાર કેમ નથી રાખતો કહી ધારીમાં યુવક પર હુમલો કર્યો

ધારી, તા. ૨૪

ધારીમાં એક યુવક પર હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે નિલેશભાઈ વરમોરા (ઉ.વ.૩૦)એ આંબાભાઈ વરમોરા તથા બાવાભાઈ વરમોરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ નિલેશભાઈ ગામમાંથી આવીને ઘરે પોતાનું વાહન પાર્ક કરતા હતા ત્યારે આંબાભાઈ પોતાના હાથમાં કુહાડી લઈ પાસે આવ્યા હતા અને મેં તારૂ લગ્ન કરાવેલ છે તેમ છતાં તું કેમ મારી સાથે વેવાર રાખતો નથી તેમ કહી જેમ ફાવે તેમ ગાળો દેવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો દેવાની ના પાડતા માથાના ભાગે કુહાડીનો એક ઘા માર્યો હતો. જેથી તેમને બચાવવા તેમના નાનાભાઈ તથા પિજી આવતા બાવાભાઈએ હાથમાં લાકડી લઈ આવી ઘા માર્યા હતા. ઉપરાંત તેમના નાનાભાઈને બન્ને આરોપીઓએ ઢીકાપાટુ વડે શરીરમાં મુંઢ ઈજા પહોંચાડી તથા તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

# પ્રાથમિક શાળાઓને આરટીઈ અંતર્ગતની ફી સમયસર ચૂકવવા મંડળ દ્વારા માંગ

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા પ્રાથમિક શાળાઓને આરટીઈ અંતર્ગતની ફી સરકાર દ્વારા સમયસર ચૂકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. હાલ અમરેલી તાલુકાની શાળાઓને ચાલુ શૈક્ષણિક વર્ષમાં આખા



વર્ષની ફી બાકી છે. નાણાકીય અને શૈક્ષણિક વર્ષ પણ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં શાળા સંચાલકોને આરટીઈ અંતર્ગતની સરકાર તરફથી ચૂકવાતી ફી મળેલ નથી. છેલ્લા બે વર્ષથી શાળાઓની પરિસ્થિતિ પણ ખૂબ જ સંવેદનશીલ છે ત્યારે આ અંગે યોગ્ય કરવામાં આવે તેવી શાળા સંચાલક મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે.

# વાંકીયા ગામે તું મારી ગાડીમાં મને કેમ નથી લઈ જતો કહી ગાળો આપી

ખાંભા, તા.૨૪

ખાંભાના વાંકિયામાં રહેતા રેખાબેન ચૌહાણે ગીરીશભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી કે આરોપીએ તેમને તથા સાહેદોને કહ્યું કે, તું મારી ગાડીમાં મને મતીરાળા કેમ નથી લઈ જતો. આમ કરી તેમને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી ઝપાઝપી કરવા લાગ્યો હતો. આ દરમિયાન તેના હાથમાં રહેલું બ્લેડ જેવું પતરું માથાના ભાગે વાગ્યું હતું.

અન્ય ઘટનામાં રાજુલામાં રહેતા સોનુભાઈ સોલંકીએ અરશીભાઈ સોલંકી તથા નીતીનભાઈ સોલંકી સામે મોરો તોડી નાંખ્યાના રૂપિયા માંગતા સારું નહીં લાગતા માર મારી ગાળો આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

# જાફરાબાદ કેળવણીકારની પ્રાર્થના સભામાં આગેવાનોની ઉપસ્થિતિ



તસ્વીર : બાબુ વાઢેળ

જાફરાબાદ, તા. ૨૪

જા.ઉ.કે. મંડળ મુંબઈના પૂર્વ નિયામક ગૌતમભાઈ જોશીનું મુંબઈ ખાતે નિધન થયું હતું. આજે જાફરાબાદ ખાતે સદ્‌ગતની પ્રાર્થનાસભા યોજાઈ હતી. જે પ્રાર્થનાસભા સદ્‌ગતના પુત્રોએ મુંબઈ ખાતે લાઈવ નિહાળી હતી.

# ચોરીના ગુનામાં નાસતો ફરતો અમરેલીનો આરોપી ઝડપાયો

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાં શરીર અને મિલ્કત સંબંધી ગુના આચરી કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડવા એસપીએ આપેલ માર્ગદર્શનને લઈ અમરેલી એલીસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી કે અમરેલીમાં રહેતો અને ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી જયંતિ કાંતિભાઈ વાઘેલા (ઉ.વ.૩૨) અમરેલી બાયપાસ રોડ પર રાધેશ્યામ હોટલ પાસે હાજર છે. બાતમીના આધારે એલસીબી ટીમે તેને ઝડપી લીધો હતો. એલસીબીએ આરોપી સામે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૯૬૦ | ૨૭૦૦ |
| ઘઉં લોકવન | ૩૩૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૧૫ |
| જુવાર સફેદ | ૪૭૦ | ૬૬૫ |
| જુવાર પીળી | ૩૮૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૦ | ૫૨૧ |
| તુવેર | ૧૦૩૦ | ૧૨૨૫ |
| ચણા પીળા | ૮૪૦ | ૮૬૫ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૬૨૫ |
| અડદ | ૧૧૧૫ | ૧૩૭૫ |
| મગ | ૧૧૭૫ | ૧૨૭૦ |
| વાલ દેશી | ૮૭૫ | ૧૪૮૦ |
| વાલ પાપડી | ૧૮૨૫ | ૧૯૭૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૬૦ |
| કળથી | ૮૮૦ | ૧૦૦૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૩૩૧ |
| મગફળી જીણી | ૧૦૭૫ | ૧૨૬૨ |
| અળશી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| તલી | ૧૭૮૦ | ૨૦૦૦ |
| સુરજમુખી | ૧૦૫૦ | ૧૩૬૦ |
| એરંડા | ૧૪૧૦ | ૧૫૦૫ |
| અજમો | ૧૫૭૦ | ૨૦૦૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૧૭૦ | ૧૩૬૮ |
| કાળા તલ | ૧૯૪૪ | ૨૪૨૫ |
| લસણ | ૨૧૫ | ૪૮૦ |
| ધાણા | ૨૦૫૦ | ૨૨૦૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૫૦૦ |
| ધાણી | ૨૧૨૫ | ૨૩૫૯ |
| વરીયાળી | ૧૬૦૦ | ૧૯૮૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૧૨૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૧૦૨૩ | ૧૨૯૯ |
| ઇસબગુલ | ૨૨૦૦ | ૨૬૪૦ |
| કલોંજી | ૨૧૦૦ | ૨૭૦૦ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૬૫ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૩૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૧૪૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૬૫૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૪૦૦ |
| સાકરટેટી | ૧૩૦ | ૨૮૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૧૮૦ | ૪૦૫ |
| ડુંગળી સુકી | ૨૫ | ૨૨૦ |
| ટમેટા | ૬૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૫૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૫૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૬૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| ગુવાર | ૪૫૦ | ૬૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૩૦ |
| ટીંડોળા | ૪૨૦ | ૬૪૦ |
| દુધી | ૧૨૦ | ૨૮૦ |
| કારેલા | ૪૦૦ | ૬૦૦ |
| સરગવો | ૪૫૦ | ૫૮૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૫૦ |
| કાકડી | ૩૫૦ | ૫૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૫૦ |
| ગલકા | ૨૦૦ | ૩૫૦ |
| મેથી | ૬૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૩૫૦ |
| આદુ | ૪૩૦ | ૬૨૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૪૫૦ |
| મકાઇ લીલી | ૧૮૦ | ૨૫૦ |
| ગુંદા | ૪૫૦ | ૬૩૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૦ | ૧૩૨૨ |
| શિંગ મોટી | ૮૯૦ | ૧૩૩૮ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૬૦ |
| તલ કાળા | ૧૧૧૦ | ૨૫૪૦ |
| તલ કાશ્મીરી | ૧૪૭૦ | ૧૯૭૬ |
| જુવાર | ૩૨૨ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૨૫ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૯૧ |
| ચણા | ૬૫૦ | ૮૪૯ |
| કપાસ | ૧૪૦૦ | ૨૮૮૧ |
| જીરું | ૧૯૦૦ | ૩૮૩૫ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૯૪ |
| મેથી | ૮૦૦ | ૧૦૧૨ |
| સોયાબીન | ૧૧૭૫ | ૧૩૦૦ |
| શિંગદાણા | ૧૨૯૯ | ૧૭૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૭૧૧ |
| મગ | ૯૦૫ | ૧૩૩૫ |
| તુવેર | ૬૫૦ | ૧૦૭૯ |
| એરંડા | ૧૦૦ | ૧૪૭૦ |
| રાયડો | ૧૦૫૫ | ૧૧૭૨ |
| રાય | ૧૦૫૦ | ૧૧૦૪ |
| અજમા | ૧૨૦૦ | ૧૭૬૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૧૨ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૬૦ | ૩૭૦ |
| રીંગણા | ૪૩૦ | ૫૭૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૬૦૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૨૦ |
| ટમેટાં | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ગાજર | ૪૦૦ | ૫૫૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૪૫૦ | ૫૫૦ |
| ગલકા | ૨૦૦ | ૨૩૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૪૩૦ | ૫૭૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૮૦ | ૧૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૨૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૧૨૦ |
| લસણ સુકુ | ૩૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૫૦૦ | ૮૦૦ |
| પાકી કેરી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| કાચી કેરી | ૭૦૦ | ૧૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૭૦ | ૪૩૦ |
| ઘઉં | ૩૦૦ | ૪૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૬૦ |
| અળદ | ૪૦૦ | ૧૩૩૦ |
| તુવેર | ૮૦૦ | ૧૧૬૦ |
| | | |
| ચોળી | ૧૦૦૦ | ૧૨૪૫ |
| વાલ | ૧૩૦૦ | ૧૫૩૦ |
| મેથી | ૯૫૦ | ૧૧૫૦ |
| ચણા | ૭૫૦ | ૯૬૯ |

| | | |
|---|---|---|
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૩૩૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| એરન્ડા | ૧૩૭૫ | ૧૪૯૦ |
| તલી | ૧૫૫૦ | ૧૯૮૦ |
| તલ કાળા | ૧૭૦૦ | ૨૨૮૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૭૫ |
| લસણ | ૭૦ | ૪૩૦ |
| કપાસ | ૨૦૦૦ | ૨૪૨૫ |
| જીરૂ | ૨૬૦૦ | ૪૦૬૫ |
| અજમો | ૧૨૦૦ | ૩૪૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૧૭૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૨૧૨૫ |
| કલોંજી | ૧૪૦૦ | ૨૫૦૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૬૨ |
| ઘઉંટુકડા | ૪૨૦ | ૫૦૬ |
| કપાસ બી.ટી | ૧૧૦૧ | ૨૮૯૧ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૩૬૧ |
| મગફળી જાડી | ૮૧૦ | ૧૩૪૬ |
| સીંગ ફાડીયા | ૧૦૯૧ | ૧૬૭૧ |
| એરંડા/એરંડી | ૧૩૫૦ | ૧૫૨૧ |
| તલ-તલી | ૧૨૦૦ | ૧૯૬૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૪૦૨૧ |
| કલંજી | ૧૦૦૦ | ૨૬૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૨૬૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૩૧૧ |
| મરચાસુકો પટ્ટો | ૯૦૧ | ૫૦૦૧ |
| લસણ સુકુ | ૧૦૧ | ૫૦૬ |

| | | |
|---|---|---|
| ડુંગળી લાલ | ૩૧ | ૨૦૬ |
| જુવાર | ૪૭૧ | ૬૨૧ |
| મકાઇ | ૪૦૦ | ૫૫૧ |
| મગ | ૧૦૦૦ | ૧૩૩૧ |
| ચણા | ૮૦૦ | ૮૯૬ |
| વાલ | ૮૨૬ | ૧૫૩૧ |
| તુવેર | ૭૦૧ | ૧૨૫૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૩૪૧ |
| રાય | ૧૦૮૧ | ૧૧૪૧ |
| મેથી | ૭૫૧ | ૧૧૩૧ |
| ગોગળી | ૮૭૬ | ૧૧૮૧ |
| બાજરો | ૨૯૧ | ૪૪૧ |
| મઠ | ૧૧૭૬ | ૧૧૭૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૯૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૭૦૦ | ૨૯૫૦ |
| મગફળી | ૧૧૦૭ | ૧૨૫૧ |
| ચણા | ૮૨૨ | ૮૬૬ |
| ઘઉં | ૪૧૫ | ૪૫૫ |
| ધાણા | ૮૨૨ | ૮૬૬ |
| તલ સફેદ | ૧૭૪૮ | ૧૯૦૦ |
| તલ કાળા | ૧૭૭૪ | ૨૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૨૦૦ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૧૮૫૦ | ૨૪૪૩ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૬૫ |
| કપાસ | ૨૧૩૫ | ૨૭૪૦ |

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૫૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૨૫ |
| બાજરો | ૩૫૦ | ૪૭૮ |
| જુવાર | ૩૨૫ | ૬૫૨ |
| મગ | ૧૦૯૫ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૨૫૫ | ૧૨૭૫ |
| ચણા | ૮૨૩ | ૮૭૫ |
| મેથી | ૮૫૮ | ૧૦૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૧૬૫ |
| તુવેર | ૮૫૦ | ૧૦૯૯ |
| એરડી | ૧૩૫૦ | ૧૪૮૨ |
| ચણા દેશી | ૯૦૫ | ૯૮૪ |
| ધાણા | ૧૭૫૦ | ૨૧૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૧૦૨૫ | ૧૩૨૭ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૫ | ૪૮૫ |
| ઘઉં | ૩૮૦ | ૫૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૩૯૬ |
| ચણા | ૭૨૫ | ૮૫૬ |
| સફેદ તેલ | ૧૫૫૦ | ૧૯૧૦ |
| કાળા તલ | ૧૯૦૦ | ૨૪૧૬ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૩૦ |
| મગ | ૧૦૫૦ | ૧૩૩૮ |
| ચોળી | ૭૦૦ | ૧૨૯૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૪૦ | ૪૯૦ |
| જુવાર | ૪૦૦ | ૬૯૧ |
| ઘઉં ટુકડા | ૩૭૬ | ૪૩૮ |

| | | |
|---|---|---|
| મગ | ૧૦૯૦ | ૧૨૬૬ |
| અડદ | ૫૦૦ | ૧૩૦૧ |
| ચણા | ૬૦૦ | ૮૭૦ |
| શીંગ | ૧૦૦૦ | ૧૨૪૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૨૨૨ |
| કપાસ | ૧૬૦૦ | ૨૫૫૧ |
| સોયાબીન | ૧૨૭૬ | ૧૩૦૧ |
| મેથી | ૮૦૧ | ૯૦૦ |
| ધાણા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૭૦૦ | ૨૩૨૦ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૪૦ |
| ચણા | ૮૧૦ | ૯૦૦ |
| ધાણા | ૧૯૨૦ | ૨૦૫૧ |
| તુવેર | ૯૦૮ | ૯૫૦ |
| મકાઈ | ૪૧૦ | ૪૩૨ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૮૫૦ |
| ઘઉં | ૩૬૦ | ૪૫૦ |
| ચણા | ૮૦૦ | ૮૭૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૨૨ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૬૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૭૮૮ |
| તુવેર | ૭૮૦ | ૯૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૬૩૦ |

| | | |
|---|---|---|
| મકાઈ | ૩૫૦ | ૪૧૪ |
| **ધારી** | | |
| કપાસ | ૧૭૯૦ | ૨૧૦૦ |
| ચણા | ૮૨૫ | ૯૧૨ |
| તુવેર | ૬૪૫ | ૧૦૧૫ |
| શીંગ ફાડ | ૧૦૨૦ | ૧૪૫૫ |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૩૦ |
| તલ | ૧૮૭૫ | ૧૮૭૫ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| મગ | ૧૧૫૧ | ૧૧૫૧ |
| મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| **મહુવા** | | |
| શીંગ નં.૫ | ૧૦૮૮ | ૧૩૫૦ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૮ | ૧૨૮૧ |
| જુવાર | ૨૦૦ | ૬૨૪ |
| બાજરી | ૩૨૫ | ૪૮૫ |
| અડદ | ૯૦૦ | ૧૨૯૫ |
| મગ | ૭૯૫ | ૧૨૪૦ |
| દેશી મગ | ૮૦૦ | ૯૮૫ |
| ચણા | ૫૨૫ | ૮૬૧ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૨૦૬૭ |
| તલ કાળા | ૧૩૫૬ | ૨૩૬૩ |
| સોયાબીન | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ડુંગળી સફેદ | ૬૪ | ૧૬૦ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૦૨ |
| કપાસ | ૧૦૦૦ | ૨૫૯૪ |
| નાળીયેર | ૩૪૯ | ૧૫૨૬ |
| મેથી | ૭૦૦ | ૧૦૭૦ |
| તુવેર | ૫૦૧ | ૯૯૬ |
| શીંગ મગડી | ૧૦૮૮ | ૧૩૫૦ |









નવલકથા : ખુશીનો આખેઆખો ખજાનો જોષીસરે ઠાલવી દીધો 06

# ધર્મસ્થાનોનો વિવાદ: સંઘર્ષ નહીં, સમજદારી જરૂરી



ભારતમાં ફરી હિંદુ વર્સીસ મુસ્લિમ માહોલ છે. મુસ્લિમ આક્રમણખોરોએ હિંદુ ધર્મસ્થાનોને તોડીને બનાવેલી મસ્જિદો ફરી હિંદુઓને સોંપવાના મુદ્દા ગાજી રહ્યા છે ને કહેવાતા હિંદુવાદીઓ મેદાનમાં આવી ગયાં છે. ઘણા બધા કિસ્સામાં કાનૂની લડત પણ શરૂ થઈ ગઈ છે. કાશીનું વિશ્વનાથ મહાદેવ મંદિર, મથુરાનું કૃષ્ણ જન્મભૂમિ મંદિર, આગ્રાનો તાજમહલ, દિલ્હીનો કુતુબ મિનાર અને ભોપાલની ભોજશાળા એ પાંચ મોટાં ધર્મસ્થાનો હિંદુઓને સોંપવાની માગણી સાથે હિંદુવાદીઓ કોર્ટમાં પહોંચ્યા છે ને કોર્ટ તેમને સાંભળી પણ રહી છે. બલ્કે તેમના અભિપ્રાયને મહત્વ પણ આપી રહી છે.

આગ્રાનો જગવિખ્યાત તાજમહેલ ભગવાન શિવના મંદિરને તોડીને બનાવાયો હતો એવા વાહિયાત દાવાને બાદ કરતાં બાકીના કેસોમાં કોર્ટનું વલણ હિંદુવાદીઓ તરફી હોવાથી આ પ્રકારના બીજા દાવા પણ થઈ રહ્યા છે. અત્યારે સ્થિતી એ છે કે, દર સપ્તાહે એક નવા હિંદુ ધર્મસ્થાનનો વિવાદ સામે આવીને ઉભો રહી જાય છે. નવા નવાં ધર્મસ્થાનો પર દાવા થઈ રહ્યા છે એ જોતાં ભવિષ્યમાં આ યાદીમાં સ્થાનો ઉમેરાતા જશે. સામે મુસ્લિમ સંગઠનો અને નેતાઓ પણ નમતું જોખવાના મૂડમાં નથી એ જોતાં આ મુદ્દો બારમાસી બની ગયો છે. ક્યાંક ને ક્યાંક, કોઈ ને કોઈ ધર્મસ્થાનનો વિવાદ ચાલ્યા જ કરતો હોય એવા દિવસો આવી ગયા હોય એવું લાગે છે.ભારતમાં ધર્મસ્થાનોના વિવાદને રાજકારણ સાથે સીધો સંબંધ છે એ કહેવાની જરૂર નથી. રાજકીય ફાયદા માટે લોકોમાં ધર્મના નામે ઉન્માદનો માહોલ પેદા કરવાનો ખેલ ભારતમાં વરસોથી ચાલે છે. ભારતમાં કાયમ માટે હિંદુત્વનો મુદ્દો ગાજ્યા કરે એવો એજન્ડા સેટ કરવો ભાજપના ફાયદામાં છે તેથી ભાજપનું આ બધી વાતોને પીઠબળ છે.

■■■

હિંદુ ધર્મસ્થાનોનો મુદ્દો વરસોથી ગાજે છે.

આ મુદ્દે ઈસ્લામ છોડીને હિંદુ ધર્મ અપનાવનારા વસીમ રીઝવીએ રસપ્રદ સૂચન કર્યું હતું. રીઝવી હિંદુત્વ અપનાવીને જીતેન્દ્ર નારાયણ સિંહ ત્યાગી બની ગયા એ પહેલાં શિયા મુસ્લિમ હતા ને શિયા વકફ બોર્ડના ચેરમેન હતા. ૨૦૧૮માં અયોધ્યાના રામજન્મભૂમિ વિવાદનો ચુકાદો નહોતો આવ્યો અને કોર્ટ બહાર ઉકેલ લાવવાની મથામણો ચાલતી હતી ત્યારે વસીમ રીઝવીએ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડને અપીલ કરી હતી કે, ભારતમાં જે હિન્દુ મંદિરોને તોડીને મસ્જિદો બનાવાઈ છે એ તમામ ધર્મસ્થાનો હિંદુઓને સોંપી દેવાં જોઈએ.

વસીમ રિઝવીએ પોતાના પત્રમાં આવાં નવ મુસ્લિમ ધર્મસ્થાનોનો ઉલ્લેખ કર્યો હતો. રીઝવીના મતે, આ નવ મસ્જિદો વિશે મુસ્લિમ શાસકોએ મંદિર તોડી મસ્જિદનું નિર્માણ કર્યું હતું તેવો સ્પષ્ટ રીતે ઈતિહાસમાં ઉલ્લેખ છે. અયોધ્યાની બાબરી મસ્જિદ ઉપરાંત મથુરાના કેશવ દેવ મંદિર, જોનપુરના અટાલા દેવ મંદિર, વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર, પાટણના રુદ્ર મહાલય, અમદાવાદના ભદ્રકાલી મંદિર, પશ્ચિમ બંગાળના પંડુવાની અદીના મસ્જિદ, મધ્યપ્રદેશના વિદિશાના વિજયા મંદિર અને કુતુબ મીનારનો રીઝવીએ ઉલ્લેખ કર્યો હતો.

વસીમ રિઝવીએ લખ્યું હતું કે, મોગલો અને તેના પહેલાં ભારતમાં થઈ ગયેલા મુસ્લિમ સુલતાનોએ હિંદુસ્તાનને લૂંટ્યું છે એ વાતનો ઈતિહાસ સાક્ષી છે. આ મુસ્લિમ સુલતાનોએ ભારતમાં રાજ કર્યું ત્યારે અસંખ્ય મંદિરો તોડીને ઘણાં મંદિરોના સ્થાને મસ્જિદો બનાવી દીધી. ભારતમાં મોગલો અને મુસ્લિમ સુલતાનોએ બતાવેલી ક્રૂરતા ઈસ્લામના સિધ્ધાંતોની વિરુધ્ધ છે. ઈસ્લામ કોઈ પણ ધર્મસ્થાન એટલે કે પૂજાના સ્થળ (ઈબાદતગાહ)ને તાકાતથી તોડીને મસ્જિદ બનાવી દેવાની તરફેણ કરતો નથી. આ વાત ઈસ્લામના સિધ્ધાંતોની વિરૂધ્ધ છે તેથી આ ધર્મસ્થાનોની જમીનો હિંદુઓને સોંપી દેવી જોઈએ.

મુસ્લિમ પર્સનલ લો બોર્ડે આ વાતને ફગાવી દીધી હતી.

■■■

આ સમસ્યાનો ઉકેલ શું ?

કાનૂની નિષ્ણાતોના મતે, ૧૯૯૧માં કેન્દ્રની નરસિંહરાવ સરકારે દેશનાં તમામ ધાર્મિક સ્થળોને લગતા વિવાદોમાં યથાસ્થિતિ જાળવી રાખવા માટે પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ બનાવ્યો હતો તેમાં આ સમસ્યાનો ઉકેલ છે



**બ્રેકિંગ પોઈન્ટ**
**નેહા શર્મા**

જ પણ અદાલતો રાજકીય દબાણ હેઠળ વર્તી રહી હોવાથી આ કાયદાને કોરાણે મૂકી દેવાય એવું બને. હમણાં મથુરાના વિવાદમાં કોર્ટે કહ્યું જ છે કે, આ કાયદો અહીં લાગુ ના પડે કેમ કે આ કાયદો બન્યો તેના બહુ પહેલાં આ વિવાદ શરૂ થઈ ગયો હતો.

કાનૂની નિષ્ણાતો કોર્ટના આ ચુકાદાથી હેરતમાં પડી ગયાં છે કેમ કે અયોધ્યાના રામ જન્મભૂમિ સંકુલ સિવાયનાં તમામ ધર્મસ્થાનોને આ કાયદા હેઠળ રક્ષણ અપાયું છે. તેમના મતે, કાયદો ક્યારે બન્યો એ મહત્વનું નથી પણ તેમાં ક્યારથી તેનો અમલ શરૂ કરવાની જોગવાઈ છે એ મહત્વનું છે. પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧માં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો ત્યારે દરેક ધર્મસ્થળ જે સ્થિતિમાં હતા તે જ સ્થિતિમાં રાખવાની સ્પષ્ટ જોગવાઈ છે. આ જોગવાઈ તમામ ધર્મસ્થાનોને લાગુ પડે છે ત્યારે ક્યો વિવાદ ક્યારે ઉભો થયો એ મહત્વનું નથી. કમનસીબે અદાલતો જુદી રીતે તેનું અર્થઘટન કરી રહી છે ને સુપ્રીમ કોર્ટમાં ભવિષ્યમાં આ મુદ્દો ઉઠશે જ.

મોદી સરકાર પાસે આ કાયદાને નાબૂદ કરવાનો કે તેમાં ફેરફાર કરવાનો વિકલ્પ છે પણ સરકાર એવું કરે તો હજારો ધર્મસ્થાનો વિશે વિવાદ ઉભો થઈ જાય તેથી સરકાર ચૂપચાપ તમાશો જોયા કરે છે. આ વિવાદો ઉઠે એ ભાજપના ફાયદામાં છે તેથી સરકાર પણ વિવાદોને ચગવા દે છે.

■■■

હિંદુવાદીઓ અને મુસ્લિમો પણ સમજદારી બતાવે તો પણ આ વિવાદો ના ચગે.

ભારતમાં આક્રમણ કરનારા મુસ્લિમ શાસકોએ અનેક ગણાં મંદિરો તોડીને મસ્જિદો બનાવી હતી તેમાં બેમત નથી. માત્ર મંદિરો જ નહીં પણ બૌધ્ધ અને જૈન ધર્મનાં ધર્મસ્થાનો તોડ્યાં હોવાના ઐતિહાસિક પુરાવા પણ ઉપલબ્ધ છે જ. પુરાતત્વીય રીતે પણ આ વાત સાબિત થયેલી છે. અયોધ્યા વિવાદમાં આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (એએસઆઈ)એ એ પુરાવા આપેલા. બીજાં ધર્મસ્થાનોમાં પણ ખોદકામ કરાય તો એ પ્રકારના પુરાવા મળે જ પણ ભૂતકાળને ખોદવામાં મજા નથી.

મુસ્લિમ આક્રમણખોરો તાકતવર હતા ને તેમનાં આક્રમણો સામે આપણે ટકી ના શક્યા તેથી આપણાં ધર્મસ્થાનો ના સાચવી શક્યા. મુસ્લિમ આક્રમણખોરોએ મંદિરો તોડીને મસ્જિદો બનાવી. કોઈનાં ધર્મસ્થાનોને તોડવાં એ મર્દાનગી નહીં પણ અસભ્યતા છે. ઈસ્લામ પણ એ વાતની મંજૂરી નથી આપતુ એવું અસંખ્ય મુસ્લિમ વિદ્વાનો કહી ચૂક્યા છે. ધર્મસ્થાનોને તોડવાનાં કૃત્યો ઈસ્લામ વિરોધી હતાં પણ મુસ્લિમ આક્રમણખોરો વિજયના નશામાં જંગલી બની ગયેલા તેથી સભ્યતા ના જાળવી, અસભ્યતા બતાવી ને મંદિરો તોડ્યાં. આ મંદિરોને સ્થાને મસ્જિદો બનાવી દીધી ને એ રીતે પોતાના ધર્મનું શાસન સ્થાપવાનો મિથ્યા ગર્વ અનુભવ્યો.

અત્યારે હિંદુવાદીઓ મુસ્લિમ આક્રમણખોરોની જેમ મસ્જિદો તોડીને મંદિરો બનાવવાની વાત કરે એ યોગ્ય નથી. હિંદુવાદીઓ પણ સદીઓ પહેલાં આવેલા જંગલી ને અસભ્ય આક્રમણખોરોની જેમ મસ્જિદો તોડીને મંદિરો બનાવવા માગતા હોય તેમનામાં અને અસભ્ય આક્રમણખોરોમાં કોઈ ફરક જ ના કહેવાય.

મુસ્લિમોનાં ધર્મસ્થાનો તોડીને મંદિરો બનાવવાથી અહમ સંતોષાશે, મુસ્લિમ આક્રમણખોરોએ કરેલું એવું જ કરીને આપણે મંદિરો પાછાં મેળવ્યાં એવું લાગશે પણ તેનાથી લોકોને કોઈ ફાયદો થવાનો નથી, હિંદુઓનું ભલું થવાનું નથી.

હિંદુ જીવનશૈલી છે, સંસ્કૃતિ છે અને હિંદુ સંસ્કૃતિ જેના પર ઉભી છે એ સનાતન ધર્મમાં તો ધર્મસ્થાનો જ નહોતાં. સનાતન ધર્મમાં જ્ઞાન હતું, જ્ઞાન પર ચર્ચાઓ થતી, તંદુરસ્ત જીવનશૈલી અપનાવીને લોકો સુખી રહેતાં.આપણે એ સુખ તરફ પાછા વળવું જોઈએ, આક્રમણખોરોની જેમ ધર્મસ્થાનો તોડવાના જંગલીપણા તરફ નહીં. મુસ્લિમોએ પણ થોડીક સમજદારી બતાવવી જોઈએ. સંઘર્ષના બદલે સમાધાનનો રસ્તો શોધવા પ્રયત્ન કરવો જોઈએ અને તેને માટે સંવાદ કરવો જોઈએ. જેમન પર દાવા થાય છે એવાં મુસ્લિમોનાં તમામ ધર્મસ્થાનો તોડીને ફરી હિંદુ ધર્મસ્થાનો બનાવવાં શક્ય નથી પણ મુસ્લિમો એક પહેલ કરીને આવાં દસેક મોટાં સ્થાન હિંદુઓને સોંપવાની તૈયારી બતાવે ને બદલામાં આ વિવાદ પર કાયમ માટે પડદો પડી જાય એવી હિંદુવાદી સંગઠનો પાસેથી ખાતરી લે.

હિંદુવાદીઓ તેમની વાત માનશે જ એ નક્કી નથી પણ મુસ્લિમોએ એક પહેલ કરવી જોઈએ.

■■■

ભારતને સંકુચિત ધર્માંધતાની જરૂર નથી.

ભારત પાસે સમૃધ્ધ વારસો છે ને આ વારસો જ્ઞાનનો છે. હિંદુ જીવનશૈલીમાં દુનિયાને રાહ બતાવી શકાય એવું ઘણું બધું છે, આપણાં લોકોને સુખી કરી શકાય એવું પણ અઢળક છે. કમનસીબે તેને ભૂલીને આપણે ધર્મસ્થાનોમાં હિંદુત્વને કેદ કરવાની સંકુચિતતા તરફ વળી રહ્યાં છીએ. આપણે આપણા સમૃધ્ધ વારસાને લોકોનાં જીવન સુખમય બનાવવા માટે વાપરવાના બદલે આપણી શક્તિઓ મિથ્યા વિવાદોમાં વાપરી રહ્યા છીએ.

ઈતિહાસ એ વાતનો ગવાહ છે કે, જે પ્રજા ધર્મસ્થાનોની સકુચિતતામાંથી બહાર આવી એ પ્રજાએ દુનિયા પર રાજ કર્યું છે, પોતાનો સિક્કો જમાવ્યો છે. એક સમયે ખ્રિસ્તીઓ ચર્ચના નિયમોના ગુલામ બની ગયેલા પણ તેની સામે પ્રોટેસ્ટંટ સંપ્રદાય શરૂ થયો ને આ બેડીઓ તૂટી પછી ખ્રિસ્તીઓ આખી દુનિયામાં છવાઈ ગયા. યહૂદીઓને પણ આ વાત લાગુ પડે છે. સામે મુસ્લિમોનો મોટો વર્ગ ધર્માંધતા ના છોડી શક્યો તો પછાતપણામાં રહી ગયો. આ વાત મુસ્લિમ વિદ્વાનો જ કહે છે.

આપણે કઈ દિશામાં જવું છે ? ■

# ગુજરાતમાં પોલીટીકલ ડાર્ક હોર્સ : આમ આદમી પાર્ટી



હોર્સ રેસીંગ ટર્મીનોલોજીનો એક શબ્દ છે - ડાર્ક હોર્સ. હોર્સ રેસીંગમાં એક તરફ મેદાનમાં ઘોડાઓ દોડતાં હોય છે અને બીજી તરફ ઓડિયન્સમાં બડે બડે લોગ કયો ઘોડો જીતશે અને કયો હારશે કે પાછળ રહી જશે તેની શરતો લગાવાતી હોય છે. ઘોડાનાં દેખાવ અને અગાઉની રેસમાં તે જીત્યા -હાર્યાનાં ઈતિહાસને ધ્યાને લઈને કયો ઘોડો જીતશે, કયો ઘોડો રનર્સ-અપ બનશે તેની ધારણાઓ સાથે શરત લગાવવામાં આવતી હોય છે. કેટલાક ચોકકસ ઘોડાઓ બેટર્સનાં ફેવરીટ હોય છે. કયો ઘોડો જીતશે કે હારશે તે લગભગ નકકી જ હોય છે... પરંતુ કેટલીક વાર એવું બને છે કે શરતો લગાવનારની ધારણાઓને ખોટી પાડીને કોઈ અજાણ્યો ઘોડો જીતી જાય છે. આ ધારણાઓ ખોટી પાડીને વીન થનાર ઘોડાને ડાર્ક હોર્સ કહેવામાં આવે છે. આ ડાર્ક હોર્સ માત્ર ઘોડાની સ્પર્ધાઓમાં જ નથી હોતા. રાજકારણમાં પણ હોય છે.

**ધીસ ઇઝ ધેટ**
**નારન બારૈયા**

લગભગ તમામ રાજકીય સમીક્ષકોની ધારણાઓ ખોટી પાડીને આમ આદમી પાર્ટી અને અરવીંદ કેજરીવાલ છેલ્લા વર્ષોમાં ડાર્ક હોર્સ સાબીત થતાં રહ્યાં છે અને એટલે જ ગુજરાતમાં પણ આવી રહેલી વિધાનસભાની ચૂંટણીમાં બાહ્ય ચિત્ર જે કાંઇ દેખાતું હોય તે - આપનું માપ કાઢવું મુશ્કેલ છે.

મુશ્કેલ એટલા માટે છે કે અરવીંદ કેજરીવાલ અને આમ આમદી પાર્ટીએ રાજકીય સમીક્ષકોની ધારણાઓ છેલ્લા દાયકામાં વારંવાર ખોટી પાડી છે. સમગ્ર દેશમાં રાજકીય ક્ષેત્રે નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીનો દબદબો ફેલાઇ રહ્યો હોય, એક તરફ કોંગ્રેસ તૂટી રહી હોય તેવા સમયમાં એક શિક્ષીત રાજકારણી તરીકે અરવીંદ કેજરીવાલે પોલીટીકલ વર્લ્ડમાં પદાર્પણ કર્યુ હતું. સામાન્ય લોકોનાં અવાજ તરીકે એક ઓળખ ઉભી કરવાનો અરવીંદ કેજરીવાલે આમ આદમી પાર્ટીનાં બેનરથી પ્રયાસ કર્યો હતો ત્યારે ભાજપનાં જલવાની સરખામણીએ અને કોંગ્રેસનાં કામણની કમ્પેરીઝનમાં તેની હાંસી ઉડાવવામાં આવતી હતી. પરંતુ જયારે ભારતીય જનતા પાર્ટી ભારતને કબજે કરી રહી હતી અર્થાત નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનીને સમગ્ર દેશનાં સુકાની બન્યાં હતાં ત્યારે આવેલી દિલ્હીની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ મેદાન મારી દીધું હતું. મતલબ કે ભારતીય જનતા પાર્ટીએ ભારત ભલે કબજે કરી લીધું હોય પરંતુ ભારતની રાજધાની દિલ્હીને તો આમ આદમી પાર્ટીએ જ કર્યુ હતું. આ રીતે અરવીંદ કેજરીવાલ મુખ્યમંત્રી બનીને ડાર્ક હોર્સ સાબીત થયાં હતાં. આમ આદમી પાર્ટી અને અરવીંદ કેજરીવાલ આ રીતે અનેક સ્થાનો પર વારંવાર રાજકીય સમીક્ષકોની ધારણાઓને ખોટી પાડીને વારંવાર મેદાન મારતા રહ્યાં છે. પંજાબની ચૂંટણી વખતે પણ રાજકીય સમીક્ષકો અવઢવમાં હતાં. જે પ્રકારની રાજકીય સ્થિતિ હતી અને ઉપલી સપાટી પર જે કાંઇ જોવા મળતું હતું તેના આધાર પર સમીક્ષકો કહી રહ્યાં હતાં કે પંજાબમાં કદાચ ભાજપ જીતે છે અથવા તો કોંગ્રેસ જીતે છે. આમ આદમી પાર્ટી પ્રત્યે કટાક્ષ કરવા સિવાય સમીક્ષકો પાસે ખાસ કંઇ હતું નહીં. કેટલાક સમીક્ષકો આમ આદમી પાર્ટીને ઉલ્લેખને પાત્રને પણ ગણતા નહોતાં. પરંતુ જયારે પરિણામ આવ્યું ત્યારે વિનર એટલે ડાર્ક હોર્સ હતા - અરવીંદ કેજરીવાલ અને તેમની પાર્ટી - આમ આદમી પાર્ટી... એવી જ રીતે ગુજરાતમાં સુરત નગરપાલિકાની ચૂંટણી વખતે પણ આમ આદમી પાર્ટીએ સમીક્ષકોની ધારણાઓને ખોટી પાડી હતી. આ રીતે આમ આદમી પાર્ટી વખતો વખત ડાર્ક હોર્સ સાબીત થતી રહી છે.

અને એટલે જ ગુજરાતમાં જયારે વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે આપનું માપ કાઢવું મુશ્કેલ છે. આમ તો ગુજરાત એ ભારતીય જનતા પાર્ટીનો ગઢ છે. કોંગ્રેસ છેલ્લા બે દાયકાથી ધીમે-ધીમે ધોવાઇ ધોવાઇને ખોવાઇ ગઇ છે. ત્યારે કયાંક - કયાંક આમ આદમી પાર્ટી ધીમે- ધીમે આછી આછી છવાઇ ગઇ છે. આમ આદમી પાર્ટીએ એક ત્રીજા મોરચા તરીકે ગુજરાતમાં ઓળખ ઉભી કરી લીધી છે. બીજી તરફ તૂટતી કોંગ્રેસમાં સંકલનનો ભયંકર અભાવ છે ત્યારે લોકો ભલે કહેતા હોય કે ગુજરાતમાં ત્રીજી પાર્ટીને કોઇ સ્થાન નથી. પરંતુ ગુજરાતમાં જે પ્રકારે રાજય સ્તરે અને જિલ્લા સ્તરે આમ આદમી પાર્ટી તરીકે પોતાના સુકાનીઓને પસંદ કરી રહી છે. તે જોતા આવનારા દિવસોમાં આમ આદમી પાર્ટી કદાચ બીજા નંબરની પાર્ટી બની જાય તો નવાઇ નથી અને જે પ્રકારે આમ આદમી પાર્ટી જનતાનાં પ્રશ્નોને ઉકેલવા માટે એક અલગ સીસ્ટમ ઉભી કરીને કામ કરી રહી છે તે જોતા કેટલાક સમીક્ષકો તેને આવનારા સમયની નંબર વન પાર્ટી એટલે કે સતાધારી પાર્ટી તરીકે પણ દર્શાવી રહ્યાં છે. જોકે ભાજપ એ ભાજપ છે હિંદુત્વ લોકોનાં હૈયામાં છે અને હિંદુત્વ એ આમ આદમી પાર્ટીનો સિદ્ધાંત બની શકે તેવી કોઇ સંભાવના નથી. આમ આદમી પાર્ટી એક અલગ અંદાજથી જ કામ કરી રહી છે ત્યારે પણ તેના માટે હિંદુત્વ એક મર્યાદા બની રહે છે. પરંતુ પાર્ટીએ છેવાડાનાં માનવી પ્રત્યે જે ધ્યાન આપ્યું છે અને આપી રહી છે તે બાબત જો ભાજપનાં હદુત્વને પણ કોરાણે મુકી દે તો આમ આદમી પાર્ટી ચમત્કાર પણ કરી શકે. તેમ છતાં પાર્ટી પાસે જે સિદ્ધાંતશકિત છે અને બીજી તરફ તેની સામે જે ભાજપીય પડકારો છે તે જોતા અત્યારે તો આપનું માપ કાઢવું મુશ્કેલ જ છે. 'આપ' વિશે શું માનો છો આપ? ■

naranbaraiya277@gmail.com

# પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજી ગોહિલને વંદન

પ્રસિદ્ધ લોક સાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવીના શબ્દોમાં કહીએ તો ભાવનગર તો ભાવનગર છે. બીજા બધા રજવાડાને વંદન પણ ભાવનગરની ધરતીને વિશેષ વંદન છે. ૧૮૦૦ પાદરના ધણી- નિલમ પેલેસમાંથી રૈયતનો નાદ આજે પણ રાજવી કુંટુબે જાળવી રાખ્યો છે. ભાવેણા રાજવીની પ્રજા પરત્વેની પ્રીતિ અને સ્નેહના દર્શન આજે પણ પ્રજાને થઈ રહ્યા છે.

પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજીનો જન્મ ૧૯, મે ૧૯૧૨ ના રોજ થયો હતો. તેઓ મહારાજા ભાવસિંહ ગોહિલ(બીજા)ના ઉત્તરાધિકારી તરીકે ગાદીએ આવ્યા હતા. કૃષ્ણ કુમારસિંહજીએ તેમના પિતાના અવસાન બાદ વર્ષે ૧૯૧૯માં ભાવેણા રાજયની રાજયગાદી સંભાળી ત્યારે મહારાજાની ઉંમર ફકત ૭ વર્ષની હતી.

દિવાન પ્રભાશંકર પટ્ટણીના સાનિધ્ય અને માર્ગદર્શનથી તેમનુ યોગ્ય ઘડતર થયુ. રાજકુમાર કૃષ્ણકુમારસિંહના ઘડતરમાં તેમનુ અનન્ય પ્રદાન



**સામાજિક અને શૈક્ષણિક**
**વિપુલ.ડી. પટેલ**
**(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)**

રહ્યુ છે. અભ્યાસુ, વાંચક, વિચારશીલ અને રાજય ઘડતરના બૃહદ ગુણોનો ભંડાર હતો. તેમની દીર્ઘદ્રષ્ટિ અને રાજય વ્યવસ્થા ચલાવવા માટે અનુભવી ગુણોનો આદર્શભાવ હતો. કૃષ્ણકુમારસિંહનું ઘડતર અને રાજય વ્યવસ્થા કેળવવવામાં દિવાન પ્રભાશંકર પટ્ટણીનો સિંહ ફાળો રહ્યો. અંગ્રેજ હુકમત હેઠળ ૧૯૩૧ સુધી શાસનની ધુરા સંભાળી હતી. કૃષ્ણકુમારસિંહની વય-૧૨-૧૩ વર્ષની હતી ત્યારે દેશના રાષ્ટ્રપતિ ગાંધીજીએ રાજવી સાથે મુલાકાત કરી હતી. તે સમયે ગાંધીજી તેમની સાથે મુલાકાત લીધા પછી ખૂબ પ્રભાવિત થયા હતા.

પૂજય પ્રભાશંકર પટ્ટણીના સાનિધ્ય અને માર્ગદર્શનથી તેમનુ ઘડતર થયુ. બળ અને વ્યવહારિક ગુણો પ્રાપ્ત થયા. રાજકોટ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યા પછી કૃષ્ણકુમારસિંહજીને ઈંગ્લેન્ડની વિખ્યાત પબ્લીક સ્કૂલ હેરોમાં અભ્યાસ કરવા મૂકવામાં આવ્યા.ઈંગ્લેન્ડમાં ત્રણ વર્ષ અભ્યાસ કર્યો. તેમણે ક્રિકેટ, ફૂટબોલ અને નિશાનબાજી વગેરેમાં શોખ કેળવ્યો. ઈ.સ.૧૯૩૧માં કૃષ્ણકુમારસિંહજી પુખ્ત વયના થતા. રાજય વહીવટની ધુરા સંભાળી લીધી. ઈ.સ.૧૯૨૧માં મહારાજા



કૃષ્ણકુમારસિંહજીના લગ્ન ગોંડલના મહારાજા ભોજરાજસિંહના પુત્રી અને મહારાજા ભગવતસિંહજા પૌત્રી વિજયાબા કુંવર સાથે થયા હતા. સફળ પુરુષ પાછળ સૌભાગ્યવતી સ્ત્રીઓ અદભૂત ફાળો હોય છે. સ્નેહાળ વ્યકિતત્વ આતિથ્યપ્રિય વિજયા કુંવરબાનું જીવન પ્રેરણામૂર્તિ સમાન હતુ. તેમને બે પુત્રો અને ત્રણ પુત્રી મળીને પાંચ સંતાનો થયા. કૃષ્ણકુમારસિંહજીએ પોતાના પિતા અને દાદા દ્વારા શરૂ કરાયેલા પ્રજા સુધારાના કાર્યો, જેમા કે રાજયોમાં વેરા વસૂલાતની પધ્ધતિમાં સુધારા, ગ્રામ પંચાયતોની અને ભાવનગર રાજયની 'ધારાસભા'ની રચના વગેરે સુધારા-વધારા કરીને વારસાની પરંપરા તેમણે જાળવી રાખી હાલ પણ તેમના પુત્રો(રાજવીઓ) તે માર્ગે ભાવનગરમાં ફરી રહ્યા છે. પ્રગતિમય શાસનને લીધે પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજીને વર્ષ ૧૯૩૮ના વર્ષમાં કે.સી. એસ.આઈના ઈલ્કાબથી નવાજવામાં આવ્યા હતા. છતા તેઓ હંમેશા 'ભારતની સ્વતંત્રતા'' માટે કટીબદ્ધ રહ્યા હતા. અને એટલે જ ભારત સ્વતંત્ર થવાની સાથે પોતાનુ રાજય ભેળવી દેનાર પ્રથમ રાજવી હતા.


મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રજામાં અપાર લોકચાહના ધરાવતા હતા. તેઓના નામની આગળ માત્ર મહારાજા કે રાજવી નહી પરંતુ પ્રાતઃસ્મરણીય એવું બિરૂદ લગાડવામાં આવે છે. ભાવનગરમાં ગૌરીશંકર તળાવ એટલે કે બોરતળાવને મહારાજા કૃષ્ણકુમારસિંહજી અને સમગ્ર રાજવી પરિવારની અનમોલ ભેટ અને તેમની દીર્ઘદ્રષ્ટિનો ઉમદા નમૂના છે.

ભાવનગરમાં રાજવી પરિવારે કોઈ નદી કે નાળા પર આધારિત નહી પરંતુ માળનાથના ડુંગરામાંથી ભીકડા કેનાલ દ્વારા વરસાદી પાણી લાવીને ઉભુ કરેલુ ગૌરીશંકર તળાવ તે આજે ભાવેણ રાજયની શોભા છે. આઝાદી બાદ ઈ.સ.૧૯૪૮માં મહારાજા કૃષ્ણકુમારસિંહજી નવા અસ્તિત્વમાં આવેલા મદ્રાસ રાજયમાં ગર્વનર તરીકે નીમાયા ત્યારે માત્ર એક રૂપિયાના પ્રતિક સમા માનદ વેતનથી હોદ્દાનો સ્વીકાર કર્યો હતો. તે સમયે ભાવનગરમાં પંથકના ખેડૂતના બે બળદ ચોરાયા ત્યારે તે ખેડુત રૂબરૂ મળવા મદ્રાસ ગયો. મદ્રાસ રાજયના ગર્વનરશ્રીએ તે ખેડૂતને રૂબરૂ મુલકાત આપી પોતાની વેદના અને સહાનુભૂતિનું વિવરણ સાંભળ્યા પછી તરત જ ૫૦૦૦/- પાંચ હજાર રોકડા આપ્યા અને સાદર સત્કાર અને સ્નેહથી વિદાય આપી. આવી પ્રજા પરત્વેની સ્નેહાળ ભાવના ભાવેણ રાજયની અસ્મિતા છે. ત્યાગ અને સમર્પણની માનવતાની મહેક જેવી મૂલ્યોની કથા આજે પણ પ્રજા વાગોળે છે.

સ્વતંત્ર ભારતના એકીકરણ માટે સરદાર પટેલને જયારે ખતપત્ર ઉપર રાજય લખી દેવાની કાર્યવાહી શરૂ કરી ત્યારે કૃષ્ણકુમારસિંહજીએ સરદાર પટેલ સાહેબ પાસે ૧૫ મિનિટ માંગી અને પ્રધાનો દ્વારા રાજમાતા વિજયા કુવરબાને પૂછાયુ કે હવે ભાવનગર રાજય ભારત સરકારને સુપ્રત કરવામાં આવે છે. ૧૮૦૦ ગામના પાદરો લખી દેવામાં આવે છે. તમારા દર-દાગીના પિયરથી લાવ્યા છે. તે આપ રાખી શકો છો. ધન્ય છે તે વિજયા કુવરબાને તેમણે પ્રધાન દ્વારા એવું કહેણ કહ્યુ આખો હાથી આપી દેતા હોય ત્યારે તેનો શણગાર ના રાખવાનો હોય તે પણ આપી જ દેવાનો હોય. આવી વીરાંગના-નારી રત્નને વંદન કર્યા વિના કેમ રહી શકાય! ત્યાગની મૂર્તિ અને પતિ પરમેશ્વરની ભાવના આ ભાવેણ રાજવી રાજમાતાએ કરેલા કાર્યોને નિંરતર યાદ કરીને પ્રેરણાના ઉદાહરણો અને દાખલા લોકો આજે આપી રહ્યા છે. ■

Mo.9825702282

# કુપોષણ વિષે જાણો અને તેને નાબૂદ કરો





હેલ્થ વિષે
હેમાંગીબેન મહેતા

આજના વિશ્વનો દુ:ખદ પ્રશ્ન છે. (માલન્યુટ્રીશન) ભારતમાં આ મહત્વનો પ્રશ્ન છે. જેને દૂર કરવાની અત્યંત આવશ્યકતા છે. કારણ કે, કુપોષણની સમસ્યા દેશ માટે શરમજનક સ્થિતિ છે.

(૧) કુપોષણ એટલે શું ?

★ કુપોષણ એટલે વ્યકિતને મળતું અપુરતું ખોરાકનું પોષણ, જેમાં શારીરિક તેમજ માનસિક વિકાસ રૂંધાય છે અને શરીરને જોઈતા મિનરલ્સ, વિટામીન, પ્રોટીન કે બીજા જરૂરી તત્વો એટલે કે સમતોલ આહાર મળતો નથી તેથી શરીરનો અપૂરતો વિકાસ થાય છે.

★ કુપોષણ એ પોષક તત્વોનો અપર્યાપ્તી વધારે અથવા અસમતોલ ઊપભોગ છે.

(૨) કુપોષણને હિસાબે શું થાય છે ?

★ કુપોષણથી ચેપ અને ચેપી રોગોનું જોખમ વધી જાય છે. તથા આમાં સમતોલ આહાર પૂરતા પ્રમાણમાં ન લેતા હોવાથી. (ક્રમશ:) ■

| ઘટક | ઉણપ | કુપોષણનું નિવારણ |
|---|---|---|
| પ્રોટીન | કવાશીઓરકર | દૂધ, દૂધની બનાવટો, કઠોળ, ઈંડા, માંસ, માછલી, સૂકો મેવો, મગફળી |
| સોડિયમ | હાયપોનેટ્રેમિયા | હાઈપરટેન્શન |
| આયોડિન | ગોઈટર | આયોડિનનું ઝેર (ગોઈટર, હાઈપોથાઈરોડિસમ) હાઈપોથાઈરોડિયમ |
| વિટામિન A | ઝિરોપ્થાલમિયા અને રાત્રિના અંધાપો | તમામ પ્રકારનાં તેલ, ઘી, માખણ, મલાઈ, પીળાં ફળો, માછલીનું તેલ, ટામેટા જેવા ખાદ્યપદાર્થનો ઉપયોગ કરવો. |
| વિટામિન B | ચામડી ફાટવી અને કાર્નિયલ ચાંદા | દૂધ અને તેની વાનગી, લીલા શાકભાજી, યીસ્ટ, ઈંડા |
| વિટામિન $B_{12}$ | પર્નિસિયસ એનિમિયા | દૂધ, માંસ જેવા ખાદ્યપદાર્થો...... |
| વિટામિન C | સ્કર્વી | તમામ પ્રકારના ખાટા ફળો, આમળા, ટામેટા, લીંબુ, ભાજીપાલો, બટાટા, ફણગાવેલા અંકુરિત કઠોળ ધાન્ય જેવા...... |
| વિટામિન D | રિકેટ્સ | તમામ પ્રકારના તેલ-ઘી માખણ, મલાઈ, લીવર, ઈંડા, માછલીનું તેલ જેવા ખાદ્યપદાર્થોનો વધુ ઉપયોગ કરવો. |
| વિટામિન E | માનસિક વિકૃતિઓ | તમામ પ્રકારના અંકુરિત ધાન્ય કઠોળ, તેલ, લીલા શાક, ઘી, દૂધ, મલાઈ, માખણ જેવા ખાદ્યપદાર્થનો વધુ ઉપયોગ કરવો. |
| વિટામિન K | હેમરેજ | લીલા શાકભાજી, ટામેટા જેવા ખાદ્યપદાર્થોનો વધુ ઉપયોગ કરવો |
| કેલ્શિયમ | ઓસિયોપોરોસિસ, ટેટાની, કાર્યોપેડલ, સ્યામ, લોરિન્જો સ્યાસમ, કાર્ડિયાક, એરિથામિયાસ | દૂધ, દહીં, છાશ અને દૂધની બનાવટો લીલા શાકભાજી, બાજરી, નાની માછલી |
| મેગ્નીશિયમ | હાઈપરટેન્શન | |
| પોટેશિયમ | હાઈપોકેલિમિયા, કાર્ડિયાક એરીથામિયાસ | |

# શ્રધ્ધા અને વિશ્વાસ શિખરે પહોંચાડે છે



માટીની મહેક
ચંદ્રકાંત પટેલ 'સરલ'

સર્વ પ્રાણીસૃષ્ટિમાં માનવચેતના સર્વશ્રેષ્ઠ છે. માણસને ઈશ્વરે અલૌકિક બુધ્ધિ આપી છે. ઉત્તમ વિચારો આપ્યા છે. તેના વડે તે મનધાર્યુ પરિણામ મેળવી શકે છે. શ્રધ્ધા અને વિશ્વાસ સથે તે આગળ વધે તો ડુંગરાના શિખરે અવશ્ય પહોંચે છે.

અલભ્ય વસ્તુને પ્રાપ્ત કરવા ઘરમાં પુરાઈને બેસી રહેવાથી તે મળે નહિ. તેના માટે ઉદ્યમ, પરિશ્રમ કરવો પડે. જે પોતાની જાત સંભાળીને બેસી રહે છે તે હાથઘસતા જ રહી જાય છે. જીવનનો રાહ અતિ વિકટ છે. મંજિલ પણ દૂર દૂર હોય છે, તો પણ પગને શ્રધ્ધા, વિશ્વાસ, લગન અને પરિશ્રમની નિકર્ષ ચડાવી તેને વેગવંતા, તેજીલા બનાવવા પડે તો જ મંજિલ સુધી પહોચી શકાય.

જીવનની ધ્યેય સફરમાં કોઈ સાથી - પ્રવાસીની ઝંખના મન કરતું જ હોય છે. એવે વખતે ધ્યેયપ્રાપ્તિના રાહમાં કોઈ સાથીનો સાથ મળી જાય તો મંજિલ સહજ થઈ જાય છે તે રસ્તાઓ પ્રકાશિત થઈ ઉઠે છે.

અહીં આપણે એક એવા યુવાનની વાત કરવી છે જેણે શ્રધ્ધા, વિશ્વાસ અને ચોક્કસ ધ્યેય સાથે આગળ વધી આંતરાષ્ટ્રીયક્ષેત્રે પોતાનું નામ કર્યુ છે. તેનું નામ છે ઉદયભાઈ દેવમુરારી. જૂનાગઢ જિલ્લાના ગળવાવ નામના એક નાનકડા ખોબા જેવડા ગામમાં તેમનો જન્મ થયો છે. બાળપણથી જ તેમને સંગીત તરફ અને ખાસ તો તબલાના થરકાટ તરફ ભારે લગાવ રહ્યો હતો. ગુજરાતમાં તબલાવાદક તરીકે જાકીર હુસેન અને હાજી રમકડું તબલાનાં માણીગરને ઉસ્તાદ ગણાય છે. બાળક ઉદય આ બંને કલાકારના હાથ તબલાં ઉપર ફરતા જુએને તેમાંથી નીકળતા જુદા જુદા તાલને માણ્યા કરે.

બાળક ઉદયને પણ તબલાવાદક બનવાનો શોખ જાગ્યો ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સંગીતની સંપૂર્ણ તાલીમ અપાવવા માતાપિતા અશક્તિમાન હતા. તબલાં ખરીદવાં જેટલી શક્તિ પણ ન હતી. બાળક થાળી, ટોપિયાં કે અન્ય વસ્તુઓને તબલાં બનાવી હાથનો કસબ અજમાવ્યાં કરતો. દીકરાને તબલા તરફ લગાવ હોવાથી માતાપિતાએ નાનકડું ટેપરેકોર્ડર વસાવી સંગીતકલાની થોડી કેસેટો ઘરમાં વસાવી ઉદયના શોખને ઉત્તેજન આપવું શરૂ કર્યુ હતું.

પોતાનું લક્ષ્ય પાર પાડવા અને ધ્યેય સિધ્ધ કરવા કોઈના માર્ગદર્શન વગર કાંઈ આગળ ન વધી શકાય. એના માટે એ વિષયમાં પારંગત ગુરૂ શોધવા પડે. એવા વિચારે ૯ વર્ષનો આ બાળક જૂનાગઢ આવ્યો આ સમયે તબલાવાદક તરીકે જેનું આંતરરાષ્ટ્રી નામ હતું તે હાજી રમકડું જૂનાગઢમાં રહેતા હતાં. મહામહેનતે આ બાળકે હાજી રમકડુંનું ઘર શોધી હાજીભાઈની મુલાકાત કરી અને પોતે તબલાવાદક બનવા માગે છે તેવી પોતાની ઈચ્છા વ્યક્ત કરી. હાજી રમકડુંએ તેને પોતાના તબલાં આપ્યાં ને વગાડવાનું કહ્યું ત્યારે ૯ વર્ષના આ બાળકે હાજીને પણ અચંબામાં નાખી દે તેવા અદ્ભુત તાલ વગાડયા. તબલાનો થરકાટ સાંભળી હાજીભાઈ ખુશખુશ થઈ ઉઠ્યા હતાં. તેને બાળકમાં આગવી પ્રતિભાનાં દર્શન થયા. બાળકની શીખવાની ધગશ, લગન અને એકાગ્રતાને જોઈ હાજી રમકડુંએ વિધિવત તબલાના વિવિધ તાલો શીખવવા શરૂ કર્યા.

ધીમે ધીમે આ બાળકલાકારે ગુરૂ હાજી રમકડુંની વિદ્યાને બરાબર ગ્રહણ કરી નાની ઉંમરે સફળતા પ્રદાન કરી ગુરૂની ગરિમાને વેંત ઉંચી કરી બતાવી શિષ્યમાં રહેલી ગ્રહણશક્તિ જોઈને હાજીભાઈ આફરીન થઈ ઉઠ્યા -૧૦ વર્ષનો બાળક આટલી ઝડપે કલા ગ્રહણ કરી લેશે તેવી કલ્પના પણ તેને ન હતી. જેની ઉંમર શેરીમાં રમવા જેવડી હોય તે બાળક રમતના ભોગે પોતાના બાળપણને ઠેલીને કઈક બનવાના મનસૂબા સાથે હાથમાં તમન્નાની છાબ લઈને શ્રધ્ધા સાથે નીકળી પડે એ જ આ ધરતીની માટીની મહેક છે.

હાજી રમકડુંએ આ કલાકારને પૂરતું પ્લેટફોર્મ મળી રહે તે માટે પોતાના દેશ, વિદેશમાં આયોજિત થતા દરેક કાર્યક્રમોમાં ઉદયને લઈ જઈને તેની કલાનો વિકાસ સાધ્યો છે. હાજીભાઈને સંપૂર્ણ ભરસો બેસી ગયો હતો કે હવે શિષ્ય કોઈ જગ્યાએ નિષ્ફળ નહિ નીવડે. એટલે તેમણે ઉદયભાઈને સ્વતંત્ર કાર્યક્રમો કરવાની પણ ઈજાજત આપી.

હાજી રમકડું તબલા પર મણિયારો વગાડી શકે તે અન્ય કોઈ કલાકાર ન વગાડી શકે. પરંતુ ઉદયભાઈએ કલા સિધ્ધ કરી છે. ગુજરાતમાં હવે તબલાના માણીગર તરીકે ઉદયભાઈ દેવમુરારીનું નામ આંતરરાષ્ટ્રીય જગતમાં પણ લેવાઈ રહ્યું છે. અને હાજી રમકડું પર્યાય તરીકે આજે આ કલાકાર ઊભરી આવ્યા છે.

આ કલાકારે તરૂણ - અવસ્થામાં દેશ - વિદેશના મળીને લગભગ ૮૦૦ થી પણ વધારે કાર્યક્રમો આપ્યા છે. દૂરદર્શન સહિતની અનેક નામી ટી.વી. ચેનલોએ આ કલાકારની તબલાકલાને ક્લોઝઅપ સીન દ્વારા કવરેજ કરી પ્રેક્ષકો સમક્ષ રજૂ કરી છે.

તબલાં વગાડવાની તેમની ઈબારત ઈશ્વરીય વરદાન બની ગઈ છે. કલાગ્રહણ કરવાની તેમની કન્સેપ્શન દાદ માગી લે તેવી રહી છે. મન હોય તો માળવે જવાય એ કહેવત ઉદયભાઈએ સાર્થક કરી છે. ■

sanjogpurti@gmail.com

# ખુશીનો આખેઆખો ખજાનો જોષીસરે ઠાલવી દીધો



"વિધાતા" ભાગ-૧૭ (૨)


નવલ કથા
કાળુભાઇ ભાડ

આખો હોલ ચિચિયારી અને કોલાહલથી લથબથ ભરાઈ ગયો. લંકેશ જેવાં વાંગડ તો નાચ ગાને 'ય કરવાં લાગ્યાં.

ખુશીનો આખેઆખો ખજાનો જોષીસરે ઠાલવી દીધો હતો. કંઈ કેટલાય વખતથી

નત - નવાં પ્રતિબંધોથી કોલેજની ટૂર થઈ નથી. એટલે જામો - કામો- અને જેઠવો ભેગાં થઈ જાહે ઈ વાત પાક્કી હતી.

"શાંતિ.. શાંતિ.. શાંતિ..! જૂઓ.. જંગલમાં જવું છે..? કે..હિલ સ્ટેશન જવું છે..? આ તમારે નક્કી કરવાનું છે. પણ.. આપણે જઈએ છીએ. આ વાત પાક્કી છે."

સૌએ પોતપોતાનાં ઘરે વાત કરી દીધી.

જેમને અનુકૂળતા હોય એમનાં નામની નોંધણી પણ થવાં માંડી.

સમય સંજોગો અને સંયોગ જોઈને સૌએ જંગલમાં જવાનું નક્કી કર્યું હતું.

સૌ પોતપોતાના મિત્ર સર્કલમા ગોઠવણી કરવાં લાગ્યાં. વિષય અને વસ્તુ એકઠી કરવાં લાગ્યાં.

નયન અને રોશનીએ પણ રજીસ્ટ્રેશન કરાવી લીધું.

લંકેશને જેવી જાણ થઈ કે રોશનીનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે. એટલે એણે પણ ફટાફટ નામ નોંધાવી દીધું.

સૌને આ ઘણાં સમયે થતાં પ્રવાસનો આનંદ લૂંટવો હતો. એટલે શોખની વસ્તુની ખરીદી થઈ રહી હતી.

કોઈ ચશ્મા ખરીદે, કોઈ કપડાં, કોઈ સાબુ તો કોઈ શેમ્પૂ.

તો વળી કોઈ ફેશનેબલ હેટ લાવે તો કોઈ કેમેરા.

લંકેશ અને એની ટીમ આમે 'ય બધી વાતે પૂરી. એને રોટલીથી માંડીને રોજડાં બધું જ ચફાચટ કરી જાય. સાદી સોડાથી માંડીને શેમ્પેઈન બધું જ પી જાય. સિગારેટથી લઈને ચિગાર સુધીની સફર એ કરતાં રહે. એટલે એમની ગોઠવણમાં એ લાગી ગયાં હતાં.

કોલેજ આમતો ભણવાં માટે હોય છે. પણ..! આજકાલ કોલેજમાં શું નથી થઈ રહયું..? એ શોધવું મુશ્કેલ હોય છે.

દારૂકાંડથી ડ્રગકાંડ. આ કોલેજ સહન કરી જાણે. પ્રેમથી શરૂઆત કરી પત્ની આ કોલેજ બનાવી જાણે. તો આકર્ષણથી આક્રોશ પણ નિભાવી લે.

અને છતાંય આજ કોલેજ ડોકટરો.., એન્જિનિયરો.., વકીલો.., અને જજ. પાછી આજ કોલેજ આપી જાણે.

આ કોલેજકાળ ઘણો અટપટો છે. ઘણો ચટપટો છે. અને ઘણો ખટપટો 'ય છે.

અહીં જીવન જડે' ય છે અને જીવન ખોવાય પણ છે.

★★★

એક દિવસ નયન અને રોશની મેઈન ગેઈટથી ચંપા અને મોગરો વચ્ચે સંતાકૂકડી રમતાં રમતાં આવી રહયાં હતાં. મોગરાની મઘમઘતી ડાળખી રોશનીનાં ગુલાબી ગાલ સાથે અડપલાં કરી રહી હતી. રોશની હાથ અડાડીને આઘી કરવાં જાય. ત્યાં બીજી ડાળખી એમને વળગી પડતી.

સવાર સવારમાં ખીલેલાં ગુલાબનાં ફૂલ અને રોશનીનો ચહેરો. કોમળતાંનો ક્રમ આપવો અઘરો થઈ પડે.

ગુલાબમાં તો કાંટા 'ય હોય. ત્યારે અહીં તો રોશની ખુદ આખેઆખી ગુલાબમય હતી.

ગુલાબી ચહેરો.., ગુલાબી કમનિય કાયા.., ગુલાબની પાંદડી જેવી એમની પાંપણ.

અને વધારેમાં ગુલાબી મખમલી ડ્રેસ.

ઘડીભર નયન પણ શરમાઈ ગયો કે.. આવી અંબરની અપ્સરા સાથે કેમ કરીને ચાલવું..? આવી હુસ્નની પરી સાથે પંથ કેમ કાપવો..? કોલેજમાં હાજર દરેક આંખો એમનાં તરફ જ મંડાયેલી હતી.

એકવાર આંખો એ રસ્તે ચાલે એટલે એ મટકું મારવાનું 'ય ભૂલી જાય. પગથી લઈને માથા સુધી. બસ..! જોયા જ કરો. જોયા જ કરો. મનભરીને જોયાં કરો છતાંય..! મનનું મકાન ખાલી જ લાગે.

આવા રૂપરૂપનાં અંબાર સમી રોશની સાથે આજે નયન ચાલી રહયો હતો.

એકમેકનાં અંગો અંદરોઅંદર પ્રેમ આલાપી રહ્યા હતાં. શબ્દો ચાલવાનું ચૂકી જાય. પણ..! અંગો..? એ અડવાનું ના ભૂલે. અડપલાંના આડાઅવળા રસ્તે એ સાંગોપાંગ સફર કરી જાણે.

કેટ - કેટલાં 'ય હૈયા આજે ઠરીને થીજી ગયાં.

નંદવાઈને ઘાયલની લાઈનમાં ગોઠવાઈ ગયા હતા.

પણ..! લંકેશ જેનું નામ. એમણે આવો મદમસ્ત માહોલ જોઈને ઉપરા છાપરી બે પાંચ સિગારેટ ખેંચી કાઢી.

પ્રવાસ માથે હતો. માથાકૂટ ભારે પડે. સમજણનાં સીંચોડે એ ચડવાં તૈયાર નહોંતી. એટલે હમણાં માલી' પા હણહણતાં અશ્વોને લગામ કસવી જરૂરી હતી.

છતાંય એની આંખો આગ ઓકવા લાગી.

એકાદ કલાકમાં કોલેજનાં ગ્રાઉન્ડમાં જબરી હોહા મચી જવા પામી હતી.

પોલીસની ગાડીઓનાં ધાડેધાડાં ઉતરી આવ્યા હતાં. સાઈરનથી આખી કોલેજ કણસવાં લાગી.

કોઈને પણ કાંઈ પણ સમજાઈ નથી રહયું કે.. આખરે મામલો શું છે..? કેમ આજે જ અચાનક જ..! પોલીસની ગાડીઓ દોડી આવી.

દરેકના મનમાં પ્રશ્નોનો આખેઆખો મધપૂડો મંડરાઈ રહયો.

રોશનીનું કાંઈ હશે..?


નયનનું લફરું છાપે ચડયું હશે..?

કોલેજની કાંઈ આંતરિક બાબત હશે..?

કે પછી.. લંકેશે લખણ ઝળકાવ્યાં હશે..??

(ક્રમશ:) ■

# "આફતને મૂળમાંથી નષ્ટ કરીએ"




ભ્રમ જાળ
જેનીશ ભાયાણી

એક વખત ચાણક્ય, રાજા સાથે નગર ચર્ચાએ જઈ રહ્યા હતા. રાજા પ્રજાની વાસ્તવિક પરિસ્થિતિ જાણી શકે માટે તે પહેરવેશ બદલીને જતા હતા.

રસ્તા પર જરા આગળ ચાલતા રાજાના પગમાં એક કાંટો વાગ્યો. કાંટો વાગવાથી રાજાના પગમાંથી લોહી નીકળવા લાગ્યું. ચાણક્યએ કાંટાને રાજાના પગ માથી દૂર કરીને પાટો બાંધી દીધો. જેથી તરત જ લોહી નીકળવાનું બંધ થઈ ગયું. હવે ચાણક્ય રસ્તા પરના બધા જ કાંટાઓ દૂર કરવા લાગ્યા. થોડા એવા કાંટા દૂર કર્યા ત્યાં તરત જ રાજાએ ચાણક્યને કહ્યું અહીં તો ઘણા બધા કાંટાઓ છે. આપણે બધા જ કાંટા દૂર કરવા નથી અને આપણે કાળજી પૂર્વક ચાલીશુ એટલે આપણને કાંટા લાગશે નહીં અને તમારે આ બધા જ કાંટાઓ દૂર પણ નહીં કરવા પડે.

રાજા અને ચાણક્ય બંને સમગ્ર નગર ફરીને પરત રાજમહેલ આવવા નીકળે છે. રાજમહેલ પરત આવતાં તે જ રસ્તામાં પેલા જે કાંટા વાગ્યા હતા તે કાંટા ફરીવાર ચાણક્ય અને રાજા બન્નેના પગમાં વાગે છે. આ કાંટા એ શરીરના અંદરના ભાગ સુધી ઈજા પહોંચાડી હતી અને બંનેના પગમાંથી લોહી નીકળવાનું બંધ થતું જ નહોતું.

રાજ્યના વૈદ્યજીને બોલાવીને ચાણક્ય અને રાજા બંનેની સારવાર કરવામાં આવી. જેવી સારવાર પૂર્ણ થઈ કે તરત જ ચાણક્ય બધા કાંટાઓ ત્યાંથી દૂર કરવા લાગ્યા. ત્યાર પછી ચાણક્યએ તે કાંટાવાળા વૃક્ષને કાપીને બાજુમાં ખસેડી દીધુ, ઉપરાંત એ વૃક્ષના મૂળ ખોદી ને ત્યાં એક જ્વલનશીલ પ્રવાહી નાખવામાં આવ્યું. અને આ કાર્ય કર્યા પછી ચાણક્ય રાજા પાસે પરત આવ્યા.

આ સમગ્ર ઘટના રાજા જોઈ રહ્યા હતા એટલે રાજાએ ચાણક્ય ને પૂછ્યું કે ; તમે આ કાંટા દૂર કર્યા અને પેલું કાંટાવાળું વૃક્ષ કાપીને બાજુમાં ખસેડ્યું એ વાત તો મને સમજાઈ ગઈ. પરંતુ, તમે તે જ વૃક્ષના મૂળ ખોદીને ત્યાં જ્વલનશીલ પ્રવાહી નાખ્યું તે વાત મને સમજાતી નથી. માટે મને આ જ્વલનશીલ પ્રવાહી નાખવાનું કારણ જણાવો.

ચાણક્યએ રાજાને સુંદર જવાબ આપતા કહ્યું ; રાજા આ વૃક્ષના મૂળ ખોદીને તેમના પર જ્વલનશીલ પ્રવાહી નાખવાનું કારણ એ હતું કે મેં પેલી કાંટાવાળી વનસ્પતિના મૂળ કાપ્યા જેથી તે સ્થાને હવે કાંટાવાળી વનસ્પતિ ફરીવાર ઉગશે જ નહીં. અને કદાચ જો તે વનસ્પતિના નાના એવા મૂળ પણ જમીનમાં રહી જાય અને ત્યાં પાણી મળે તો તે મૂળ વિકસિત થઈને ફરીવાર ત્યાં કાંટાળી વનસ્પતિ ઊગે જેથી તે જગ્યાએ જ્વલનશીલ પ્રવાહી નાખવામાં આવ્યું છે. જેથી તે પ્રવાહી બધા જ મૂળોને નષ્ટ કરી દે અને ફરીવાર ત્યાં કોઈ કાંટાળી વનસ્પતી ઉગે જ નહીં.

મિત્રો આપણા જીવનમાં પણ ઘણી બધી આફતો તો આવતી જ હોય છે. ક્યારેક રાયના દાણા જેવડી નાની આફત આવે છે, તો ક્યારેક પર્વત જેવી મોટી આફત આવે છે. પરંતુ જો રાયના દાણા જેવડી નાની આફતને મૂળમાંથી જ નષ્ટ કરવામાં નહીં આવે તો, એ જ રાયના દાણા જેવડી નાની આફત એક દિવસ મોટા પર્વત જેવડી બનીને આપણી સમક્ષ આવશે. તે માટે દરેકે દરેક આફતનો સામનો કરીને તેને મૂળમાંથી જ નષ્ટ કરવામાં આવે તો સફળતા પણ સરળતાથી પ્રાપ્ત થાય છે અને જીવનમાં હંમેશા આનંદની પ્રાપ્તિ થાય છે. આવો સૌ સાથે મળીને નાની આફતો ને મૂળમાંથી જ નષ્ટ કરીને ભારતને ભવ્ય બનાવીએ. વંદ માતરમ.

■ bhayanijr5126@gmail.com

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# હિંદ-પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષા આપવી આપણી પ્રાથમિકતા : વડાપ્રધાન મોદી

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૨૪

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો ફિશદાના નિમંત્રણ પર બે દિવસીય ક્વાડ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે જાપાન પહોંચ્યા છે. પીએમ મોદીએ સોમવારે ક્વાડ નેતાઓ સાથે એલગ-અલગ દ્વિપક્ષીય મુલાકાત કરી હતી. ટોક્યો પ્રવાસ પર ભારત-જાપાન વચ્ચે સ્ટ્રેટેજિક અને ગ્લોબલ પાર્ટનરશિપ પર વાત થઈ છે. મંગળવારે પીએમ મોદી ક્વાડ સમિટમાં ભાગ લેવા પહોંચ્યા છે. પીએમ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો ફિશિદા અને ઓસ્ટ્રેલિયાના નવા પ્રધાનમંત્રી એન્થની અલ્બનીઝ સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે મિત્રો વચ્ચે આવીને ખુશી થઈ છે. પીએમ મોદીએ કહ્યું કે હિંદ પ્રશાંત ક્ષેત્રમાં



સુરક્ષા આપણી પ્રાથમિકતા છે. તેના પર અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું કે હિંદ પ્રશાંત ક્ષેત્રમાં ચીન સતત પડકાર ઉભા કરી રહ્યું છે. તેમણે યુક્રેન યુદ્ધ માટે રશિયાને જવાબદાર ગણાવ્યું છે. બાઈડેને કહ્યું કે રશિયા જંગ ખતમ કરવાના મૂડમાં નથી. ઈન્ડો પેસેફિક ક્ષેત્રને લઈને જો બાઈડેને કહ્યું કે ઈન્ડો પેસિફિકમાં અમેરિકા એક મજબૂત, સ્થિર અને સ્થાયી ભાગીદાર રહેશે. અમે હિંદ-પ્રશાંતની શક્તિઓ છીએ. જ્યાં સુધી રશિયા યુદ્ધ જારી રાખશે અમે ભાગીદાર બન્યા રહીશું.

# પંજાબમાં ભ્રષ્ટાચારના આરોપી આરોગ્ય મંત્રી સામે મુખ્યમંત્રીની કડક કાર્યવાહી

(જી.એન.એસ)પંજાબ,તા.૨૪

પોતાની સરકારના સ્વાસ્થ્ય મંત્રી પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યા બાદ પુરાવા મળતા પંજાબના સીએમ ભગવંત માને તેમને બરતરફ કરી દીધા એટલું જ નહીં મુખ્યમંત્રી ભગવંત માને વિજય સિંગલા વિરુદ્ધ કેસ દાખલ કરવાના પણ નિર્દેશ આપી દીધા છે. મળતી માહિતી મુજબ વિજય સિંગલાની એન્ટી કરપ્શન બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

અત્રે જણાવવાનું કે વિજય સિંગલા ભગવંત માન સરકારમાં સ્વાસ્થ્ય મંત્રી તરીકે કાર્યભાર સંભાળતા હતા. વિજય સિંગલા પર કોન્ટ્રાક્ટ બદલ એક ટકો કમિશનની માંગણી કરવાનો આરોપ હતો. અત્રે જણાવવાનું કે વિજય સિંગલા ભ્રષ્ટાચાર આચરી રહ્યા હોવાની ફરિયાદો મળી હતી. ત્યારબાદ જ્યારે નક્કર પુરાવા મળ્યા તો સીએમ ભગવંત માને તેમને બહારનો



રસ્તો દેખાડી દીધો. તેમણે કહ્યું કે એક ટકો ભ્રષ્ટાચાર પણ સાખી લેવાશે નહીં. મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે જનતાએ ખુબ આશા સાથે આમ આદમી પાર્ટીની સરકારને તક આપી છે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે કેજરીવાલે ભ્રષ્ટાચારની સિસ્ટમને જડમૂળથી ઉખેડી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. અમે બધા તેમના સિપાહી છીએ. એક ટકો ભ્રષ્ટાચાર પણ ચાલશે નહીં. પંજાબમાં પહેલીવાર એવું જોવા મળ્યું છે કે કોઈ મંત્રીની મુખ્યમંત્રીએ ભ્રષ્ટાચાર મામલે છૂટ્ટી કરી હોય.

# રાજસ્થાને ગુજરાતને ફાઈનલમાં પહોંચવા ૧૮૯ રનનો લક્ષ્યાંક આપ્યો

કોલકાત્તા તા.૨૪



કોલકાત્તા ખાતે રમાઈ રહેલી ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની આઈપીએલની પહેલી ક્વોલીફાયર મેચમાં ગુજરાતે ટોસ જીતી પ્રથમ ફિલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. રાજસ્થાને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૮ રન બનાવ્યાં હતાં. જેમાં બટલરે ૮૯, સંજુ સેમસને ૪૭ અને દેવદત્ત પડિક્કલે ૨૮ રનનું યોગદાન આપ્યું હતું. ગુજરાત તરફથી મોહમ્મદ શમી, યશ દયાળ,આર.સાઈ કિશોર અને હાર્દિક પંડયા એક - એક વિકેટ લીધી હતી. આ લખાય છે ત્યારે ગુજરાત બે ઓવરમાં એક વિકેટે ૧૮ રન બનાવી લીધા હતાં.

# ઘઉં બાદ હવે ખાંડની નિકાસ પર પ્રતિબંધની કેન્દ્ર સરકારની તૈયારી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકાર ઘઉંની જેમ ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહી છે. એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ, સ્થાનિક ભાવમાં ઉછાળાને રોકવા માટે સરકાર લગભગ છ વર્ષમાં પ્રથમ વખત ખાંડની નિકાસને પ્રતિબંધિત કરી શકે છે. એવું પણ શક્ય છે કે સરકાર આ સિઝનમાં નિકાસને ૧૦ મિલિયન ટન સુધી મર્યાદિત કરી શકે છે. આપને જણાવી દઈએ કે ભારત વિશ્વમાં ખાંડનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. તે જ સમયે, તે બ્રાઝિલ પછી બીજા નંબરનો સૌથી મોટો નિકાસકાર છે. સપ્ટેમ્બરમાં પૂરા થતા વર્તમાન માર્કેટિંગ વર્ષમાં ભારતે ૧૮ મે સુધીમાં ૭.૫ મિલિયન ટન ખાંડની નિકાસ કરી છે. ભારતમાંથી મોટા આયાત કરનારા દેશોમાં ઈન્ડોનેશિયા, અફઘાનિસ્તાન,



શ્રીલંકા, બાંગ્લાદેશ, સંયુક્ત અરબ અમીરાત, મલેશિયા અને આફ્રિકન દેશો છે.

માર્કેટિંગ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦માં અનુક્રમે લગભગ ૬.૨ લાખ ટન, ૩૮ લાખ ટન અને ૫૯.૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરવામાં આવી હતી. દેશના કુલ ખાંડ ઉત્પાદનમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકનો હિસ્સો લગભગ ૮૦ ટકા છે. દેશના અન્ય મુખ્ય શેરડી ઉત્પાદક રાજ્યોમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, મધ્યપ્રદેશ, ઓડિશા, તમિલનાડુ, બિહાર, હરિયાણા અને પંજાબનો સમાવેશ થાય છે.

# અમરેલીમાં કાર્બનથી પકવેલી ૭૦ કિલો કેરીનો જથ્થો નાશ



અમરેલી, તા. ૨૪

અમરેલીમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના ફૂડ સેફટી ઓફિસર જયેશ ચૌધરી અને વિભૂતીબેન તથા પાલિકાના એચ.જે. દેસાઈની સંયુક્ત ટીમ દ્વારા કેરીની વખારોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કાર્બનથી પકવવામાં આવેલી ૭૦ કિલો કેરીનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરીથી કેરી પકવવામાં કાર્બનનો ઉપયોગ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

# કર્ણાટકના હુબલી પાસે બસ-ટ્રક વચ્ચે ટક્કર : ૭ના મોત, ૨૬ ઘાયલ

(એ.આર.એલ),હુબલી,તા.૨૪

કર્ણાટકમાં એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. હુબલીના બહારના વિસ્તારમાં એક પેસેન્જર બસ અને ટ્રક વચ્ચે ટક્કર થઈ હતી. જેના કારણે સાત લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૨૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનામાં એફઆઈઆર નોંધવામાં આવી છે. અકસ્માત કયા કારણોસર થયો તે જાણી શકાયું નથી. હાલ મામલાની તપાસ ચાલી રહી છે. ઈજાગ્રસ્તોને હુબલીની કેઆઈએમએસ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.પોલીસના જણાવ્યા અનુસાર,



પેસેન્જર બસ કોલ્હાપુરથી બેંગલુરુ જઈ રહી હતી. રાત્રે ૧૨:૩૦ થી ૧ વાગ્યાની વચ્ચે જ્યારે બસ ડ્રાઈવર એક ટ્રેકટરને ઓવરટેક કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે બસ ધારવાડ તરફ જતી એક ટ્રક સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં ૭ લોકોના ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યાં હતા, મૃતકોમાં બસ અને ટ્રક ડ્રાઈવર પણ સામેલ છે. જ્યારે આ અકસ્માતમાં ૨૬ જેટલા લોકોને ઈજાઓ થઈ છે.

# ધારીમાં રેશનીંગ કાર્ડ બંધ થઈ જતા અનેક ગરીબોને પરેશાની

## બજરંગ ગૃપ દ્વારા યોગ્ય કરવા રજૂઆત કરાઇ

ધારી, તા. ૨૪

ધારી તાલુકામાં અનેક લોકોના રેશનીંગ કાર્ડ બંધ થઈ જતા રેશનીંગ પુરવઠો ન મળવાના કારણે ગરીબોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રેશનકાર્ડ બંધ થઈ ગયેલ હોય તેમના દ્વારા ફરી કાર્ડ શરૂ કરવા અરજી આપવામાં આવે ત્યારે આ પ્રક્રિયામાં પુરવઠા અધિકારીએ અંગુઠો મારવો ફરજિયાત હોય છે પરંતુ તેમની પાસે સમય ન હોવાથી અનેક ગરીબો સસ્તા ભાવના અનાજથી વંચિત રહે છે. ત્યારે બજરંગ ગૃપના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી દ્વારા તાત્કાલિક યોગ્ય કરી અંગુઠા મારી સામાન્ય લોકોને અનાજનો જથ્થો મળતો થાય તેવી રજૂઆત કરવામાં આવી છે. બજરંગ ગૃપે જણાવ્યું છે કે, જે લોકોને રેશનીંગ કાર્ડ બંધ થઈ ગયેલ હોય અને અંગુઠો મળતો ન હોય તેવા લોકોએ બજરંગ ગૃપ કાર્યાલયનો સંપર્ક કરવો.

# ભાજપના શાસનને હિટલર સાથે સરખાવતાં મમતા બેનર્જી

(એ.આર.એલ),કોલકાત્તા,તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી કેન્દ્ર સરકાર ઉપર વારંવાર આકરા પ્રહાર કરતા રહે છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કેન્દ્ર સરકાર પર રાજ્યોના મામલામાં હસ્તક્ષેપ કરવા માટે કેન્દ્રીય એજન્સીઓનો દુરૂપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. આ આ સાથે મમતા બેનરજીએ કહ્યું કે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર દેશના સંઘીય માળખાને તોડવાનું



કામ કરી રહી છે. મુખ્યમંત્રી મમતા બેનરજીએ દાવો કર્યો કે, 'ભાજપનું શાસન એડોલ્ફ હિટલર, જોસેફ સ્ટાલિન કે બેનિટો મુસોલિનથી ખરાબ છે. લોકશાહીની સુરક્ષા માટે કેન્દ્રીય એજન્સીઓને સ્વાયતત્તા આપવી જોઈએ.' આ પહેલાં પણ મમતા બેનરજીએ કેન્દ્રની ભાજપના નેતૃત્વવાળી સરકાર પર તીખો શાબ્દિક હુમલો કરતા કહ્યું હતું કે, એ અત્યાચાર કરી રહી છે. એ સો હિટલરોની જેમ વર્તન કરી રહ્યા છે. મમતા બેનરજીએ એમ પણ કહ્યું કે ભાજપ ચૂંટણી પહેલા પેટ્રોલ-ડીઝલના ભાવો ઘટાડે છે. ઉજ્જવલાના લાભાર્થીઓને ગેસના બાટલા પર રૂપિયા ૨૦૦ની સબ્સિડી આપે છે પરંતુ ઉજ્જવલા યોજના હેઠળ બીપીએલ શ્રેણીનો એક નાનો હિસ્સો છે.

સંકુલ KG થી ધો. ૧૦ - ICSE દિલ્હી બોર્ડ
GSEB ગુજરાત બોર્ડ - ઇંગ્લીશ મિડીયમ સ્કૂલ

★ ધો. ૬ થી ૧૦ – મેઈન વિષય નું કેરેલીયન સ્ટાફ થી ટીચીંગ
★ KG થી ધો. ૫ નું ગુજરાત નાં ઈંગ્લીશ મિડીયમ સ્ટાફ થી ટીચીંગ
★ બાયપાસ ટચ અલગ કેમ્પસ – અલગ બિલ્ડીંગ નિમાર્ણ કાર્ય ચાલુ
★ ચાર વર્ષથી ફી વધારેલ નથી – પાંચમાં વર્ષે ૧૦% ફી વધારેલ છે.

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રીમતી એસ.એમ.વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ★ સ્થળઃ- શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 036

## -જાહેર નોટીસ-

**કોડીનારના નામદાર એડી. જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં- કોડીનાર**

ફો.પ.અ.નં-૧૫૮/૨૦૨૧
મુ.તા. -૧૩/૦૬/૨૦૨૨

અરવિંદભાઈ ભગવાનભાઈ ચાવડા,
રહે. કોટડા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ ....અરજદાર

**-::વિરૂધ્ધ::-**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી
તલાટી કમ મંત્રી શ્રી કોટડા, તા.કોડીનાર .....સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અધિનીયમ ૧૯૬૯ કલમ ૧૩(૩)મુજબ મરણની નોંધ થવા બાબત**

આથી જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, અરજદારના **ભાઈ** પ્રવિણભાઈ ભગવાનભાઈ ચાવડા નુ મરણ **તા.૧૮/૦૩/૨૦૧૮**ના રોજ મરણ **કોટડા** ગામે થયેલ છે. જે અંગેની નોંધ મરણ નોંધણી રજીસ્ટરમાં કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જેથી તે સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટમાં **મું.તા.૧૩/૦૬/૨૦૨૨** ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે હાજર થઈ વાંધા રજુ કરવા, કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૦મી માહે **૦૫** સને **૨૦૨૨** ના રોજ મારી સહિ તથા કોર્ટના સિકકા કરી આપ્યુ.

**તૈયાર કરનાર**
**સહી,**
**(એચ.કે.રાઠોડ)**
**સુપ્રીટેન્ડેન્ટ**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી.**
**રજીસ્ટ્રાર**
**જ્યુડી.મેજી.ફ.ક.કોર્ટ**
**કોડીનાર**

# સોનપરામાં મકાનો પર લટકતા વાયરો હટાવવા વીજતંત્ર દ્વારા ઘરદીઠ રૂ. ૩૫૦૦ મંગાતા રોષ

ડોળાસા, તા. ૨૪

સોનપરામાં ૭૦થી વધારે મકાનો ઉપરથી વીજળીના વાયરો પસાર થતા હોય, જે લોકોના જીવના જોખમ સમાન હોય, આ વીજ વાયરો હટાવવા વીજતંત્ર દ્વારા ઘર દીઠ રૂ. ૩૫૦૦ની માંગણી કરતા ગ્રામજનોમાં રોષની લાગણી પ્રસરી



છે. ગામમાં જ્યારે વીજળીકરણ થયું ત્યારે આડેધડ વાયરો બાંધવામાં આવ્યા હતા. જેના કારણે હાલમાં લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. જેથી આગેવાનો દ્વારા રહેણાંક પર લટકતા આ વાયરો હટાવવા કહેતા વીજતંત્ર દ્વારા રૂ. ૩૫૦૦ જેવો માતબર ચાર્જ આપવા કહેતા લોકોએ આ બાબતે યોગ્ય નહીં થાય તો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# અમરેલી નગરપાલિકામાં વેરામાં વળતર યોજના આડે હવે પાંચ દિવસ

અમરેલી, તા. ૨૪

અમરેલી નગરપાલિકા દ્વારા રેગ્યુલર મિલકત વેરો ભરનારાઓ માટે ૧૦ થી ૧૫ ટકા વળતરની યોજના જાહેર કરવામાં આવી છે. જે યોજનાને હવે ફક્ત પાંચ દિવસ બાકી રહ્યા છે. આ યોજનામાં મિલકતધારકો ગત સાલના જૂના બીલના આધારે ઓનલાઈન અથવા પાલિકા કચેરીએ રૂબરૂ આવી વેરો ભરપાઈ કરી શકશે. યોજનાનો ૩૧-મે છેલ્લો દિવસ હોય, રેગ્યુલર કરદાતાઓએ જાગૃતતા દાખવી ખાસ લાભ લેવો જોઈએ. તેમજ શહેરના તમામ બાકીદારોએ પોતાની નૈતિક ફરજ સમજી તમામ વેરા ભરપાઈ કરવા કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા દ્વારા અપીલ કરવામાં આવી છે.

**જાફરાબાદ નગરપાલિકા**
**તા.૨૪/૦૫/૨૦૨૨**

## જાહેર નોટીસ

**જાફરાબાદ નગરપાલિકા વિસ્તારમાં આવેલા બિસ્માર મિલ્કતોને ચોમાસા પહેલા સુરક્ષીત કરવા તાકીદ**

ચોમાસાની ઋતુને ધ્યાને લઈ જાફરાબાદ નગરપાલિકા વિસ્તારમાં આવેલ જર્જરિત, જીર્ણ અથવા ગમે ત્યારે તુટી પડે તેવી ઈમારતો, મોટા ટાવરો તથા હોર્ડિંગ્સના માલીકો અને ભોંવગટો કરનારને ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૮૨ અન્વયે તાકીદ કરવામાં આવે છે કે, જર્જરિત,જીર્ણ અથવા ગમે ત્યારે તુટી પડે તેવી ઈમારતો, મોટા ટાવરો તથા હોર્ડીંગ્સ તથા ઈમારતોને નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭મા ઉતારી સુરક્ષીત કરવી અથવા તાત્કાલીક ધોરણે મરામત કરી સલામત તબ્બકે લઈ જવાની રહેશે. તેમજ આવી ઈમારતોમાં રહેતા લોકોને પણ પોતાના માલસામાન સાથે અન્યત્ર ખસી જવા જણાવવામાં આવે છે અને તેની જાણ નગરપાલિકાને કરવાની રહેશે. જો નિયત સમય મર્યાદામાં મરામતની કાર્યવાહી કરવામાં નહી આવે અને કોઈપણ સમયે ઈમારત વગેરે તુટી પડતા લોકોના જાનમાલને નુકશાન થાય અથવા જાનહાની સર્જાય તો તે અંગેની તમામ પ્રકારની જવાબદારી મિલ્કત માલીક કે ભોગવટો કરનારની રહેશે. આવા સંજોગોમાં મિલ્કત કે ભોગવટો કરનાર સામે જાફરાબાદ નગરપાલિકા દ્વારા નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની આથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**એસ.એમ. અન્સારી**
**ચીફ ઓફીસર**
**જાફરાબાદ નગરપાલિકા**

# જાંજરીયા ગામે આરોગ્ય વિભાગ દ્વારા દવા છંટકાવની કામગીરી

ડોળાસા, તા. ૨૪

ડોળાસા નજીકના જાંજરીયા ગામે આરોગ્ય વિભાગ દ્વારા ઘરે ઘરે દવા છંટકાવની કામગીરી કરવામાં આવી હતી. ચોમાસાની ઋતુ આવનાર હોય અને વરસાદના કારણે કિચડ-ગંદકીમાં મચ્છરોનો ઉપદ્રવ ન થાય અને બીમારી ન ફેલાય તે માટે ગામના તમામ ઘરો તથા વાડી વિસ્તારમાં



વસતા ખેડૂત પરિવારોના ઘરે જઈ દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ગ્રામજનોએ આરોગ્ય વિભાગની આ કામગીરીને બિરદાવી હતી.

# રામમંદિરની ઈંટો પર કૂતરાઓ પેશાબ કરતાં હતા : કોંગી નેતા ભરતસિંહનો બફાટ

ગાંધીનગર તા.૨૪

કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીના રામ મંદિરની ઈંટો પર કૂતરાઓ પેશાબ કરતાં હતા નિવેદનને લઈને રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર હાર્દિક પટેલે ટ્વિટ કરીને કહ્યું હતું કે, મેં પહેલા પણ કહ્યું હતું કે કોંગ્રેસને જનતાની ભાવનાઓ સાથે કોઈ લેવા-દેવા નથી, કોંગ્રેસ પાર્ટી હંમેશા હિન્દૂ ધર્મની આસ્થાની વિરોધમાં જ કામ કરતી આવી છે. આજે ગુજરાતના નેતાએ નિવેદન આપ્યું કે રામ મંદિરની ઈંટો પર કૂતરાઓ પેશાબ કરતા હતા.હું કોંગ્રેસ અને તેના નેતાઓને પૂછવા માંગુ છું કે તમને ભગવાન શ્રી રામથી શું વાંધો છે. હવે તો ભગવાન શ્રી રામના મંદિરનું નિર્માણ પણ થઈ રહ્યું છે છતાંય કોંગ્રેસના નેતા વિવાદિત નિવેદન કેમ આપે છે. શું કોંગ્રેસને હિન્દુઓના વોટની જરૂર નથી?




# જુલાઈમાં ગુજરાત વિધાનસભાનું એક દિવસીય સત્ર યોજાશે : વિદ્યાર્થીઓ ધારાસભ્ય બનશે

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૪

ગુજરાત વિધાનસભા ખાતે આગામી જુલાઈ માસમાં એક દિવસીય સત્રનું આયોજન કરાશે, જેમાં ધારાસભ્યો તરીકે વિદ્યાર્થીઓ બિરાજમાન થશે. આ અંગેના આયોજનની રૂપરેખા ઘડી કાઢવામાં આવી છે અને વિધાનસભા અધ્યક્ષ દ્વારા સત્તાવાર રીતે મંજૂરી પણ આપી દેવામાં આવી છે.

વિધાનસભા અધ્યક્ષ નિમાબેન આચાર્યએ વાતચીત કરતાં જણાવ્યું હતું કે ૧૮૨ વિદ્યાર્થી, જેઓ ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરે છે તેમના માટે યુવા સંસદનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિદ્યાર્થીઓ, જેમને એક દિવસીય સત્રમાં બોલાવવાના છે, તેમની પસંદગી રાજ્યના ખૂણેખૂણેથી કરવામાં આવી રહી છે. અધ્યક્ષના જણાવ્યા પ્રમાણે, ૧૮૨ વિદ્યાર્થીને ધારાસભ્ય તરીકે બોલાવાશે. આ વિદ્યાર્થીઓમાંથી જ એક વિદ્યાર્થી મુખ્યમંત્રી બનશે, એક વિદ્યાર્થી વિપક્ષ નેતા બનશે, જ્યારે એક વિદ્યાર્થીને અધ્યક્ષ બનાવાશે અને બાકીના ૧૭૯ વિદ્યાર્થી ધારાસભ્ય તરીકેની ભૂમિકા અદા કરશે.



# સૌરાષ્ટ્રના દરિયામાં પવનની ગતિ વધતાં કરંટ જોવા મળ્યો

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૪

નૈઋત્યનું ચોમાસુ આગળ વધી રહ્યું છે અને અરબી સમુદ્રમાં તેની એન્ટ્રી થવાની સાથે દરિયામાં કરંટ જોવા મળી રહ્યો છે. પ્રતિ કલાકના ૪૦ થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાય છે અને અમુક તબક્કે તેની ઝડપ વધીને ૬૦ કિલોમીટર આસપાસ પહોંચી જતી હોવાથી જખો, માંડવી, મુન્દ્રા, ન્યુ કંડલા, નવલખી, જામનગર, સલાયા, પોરબંદર, મૂળ દ્વારકા, વેરાવળ, દીવ, જાફરાબાદ પીપાવાવ ભાવનગર અલગં ભરૂચ દહેજ મગદલ્લા અને દમણના બંદરો પર એલર્ટ આપી દેવાયું છે.આજે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી ગયું છે અને રાજકોટ વેરાવળ ભુજ સુરત વડોદરા અને અમદાવાદમાં આકાશમાં અપર લેવલે ભેજવાળા વાદળો જોવા મળી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને સુરેન્દ્રનગરને બાદ કરતા તમામ સ્થળે મહત્તમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી નીચે આવી ગયો છે. ગરમીનું પ્રમાણ ઘટી ગયું છે પરંતુ ભેજવાળા વાદળના કારણે બફારો વધી ગયો છે.



# દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદી ઝાપટાં

વલસાડ તા.૨૪

હવામાન ખાતાની આગાહીને પગલે સમગ્ર રાજ્ય સહિત વલસાડ જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. ગઈકાલે સોમવારે જિલ્લા સહિત સમગ્ર રાજ્યભરમાં ભારે પવન ફૂંકાયો હતો. તો આજે મંગળવારના રોજ વહેલી સવારથી વલસાડ શહેરમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે.

વલસાડ શહેરમાં વહેલી સવારથી જ વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આકાશમાં કાળાં ડિબાંગ વાદળો અને ધોધમાર વરસાદને પગલે લોકોને આંશિક રાહત મળી છે. જોકે આ પ્રી-મોન્સૂન એક્ટિવિટીને પગલે જિલ્લાના ખેડૂતોને કેરીના પાકમાં નુકસાનની ભીતિ સતાવી રહી છે. ત્યારે ધોધમાર વરસાદને લઈને શહેરના રસ્તાઓ પર પાણી પાણી થઈ ગયું હતું.આજે મંગળવારે વહેલી સવારે નોકરી-ધંધા પર નીકળેલા લોકો પણ અચાનક વરસાદ પડતાં ભીંજાયા હતા.

# બાવળા - ધોળકા રોડ પર ચોખાની મીલમાં શેડ પડતાં ત્રણ શ્રમિકોના મોત

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૪

બાવળા ધોળકા રોડ ઉપર આવેલી રાઈસ મિલમાં લોખંડનો શેડ બનાવતા સમયે દુર્ઘટના સર્જાઈ હતી. અચાનક શેડ ધરાશાયી થયો હતો અને ત્રણ મજુરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા જ્યારે અન્ય ત્રણ શ્રમિકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. જેને સારવાર અર્થે હાલ બાવળાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બાવળા પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. શેડ નીચે દબાયેલા મજુરોને એન્ગલ ઉંચી કરીને તમામને બહાર કાઢયા હતાં. કોઈએ ૧૦૮ ની ઈમરજન્સી સેવાને જાણ કરતાં બાવળા, ધોળકા અને ચાંગોદરની ૧૦૮ તરત જ ઘટના સ્થળે પહોંચી જઈને તપાસ કરતાં ૨ મજુરોને માથાનો ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાં સ્થળે જ મોત થવા પામ્યું હતું. જયારે બાકીનાં ૨ મજુરોને બાવળા સરકારી દવાખાને લઈ જતાં એકને સારવાર મળે તે પહેલા જ મોત થવા પામ્યું હતું.



# રાજ્ય સરકાર દ્વારા ૧.૨૩ લાખ આદિજાતિ ખેડૂતોને ખાતર - બિયારણ કિટ્સ વિતરણ

ગાંધીનગર તા.૨૪

રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૨થી અમલમાં આવેલી આ કૃષિ વૈવિધ્યકરણની આ યોજનામાં દર વર્ષે રૂ. ૩૦થી ૩૫ કરોડના ખર્ચે અંદાજે ૧ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત ૧૪ જિલ્લાના ૧.૨૩ લાખ જેટલા આદિજાતિ ખેડૂતોને ખાતર-બિયારણ કિટ્સ વિતરણનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કર્યો છે. તદઅનુસાર સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ,પંચમહાલ, છોટાઉદેપૂર અને નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ તેમજ ડાંગ એમ ૧૪ આદિજાતિ જિલ્લાના ખેડૂતોને આ યોજનાનો લાભ અપાય છે. અત્યાર સુધીમાં આવા ૧૧.૬૯ લાખ ખેડૂતોને અંદાજે રૂપિયા ૨૬૦ કરોડથી વધુનો યોજનાકીય લાભ અપાયો છે.




# રાજકોટમાં અસહ્ય ગરમી બાદ અડધો ઈંચ વરસાદ પડતાં ઠંડક

રાજકોટ તા.૨૪

હવામાન ખાતાની આગાહીને પગલે સમગ્ર રાજ્ય સહિત રાજકોટ જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. આખો દિવસ અસહ્ય ગરમી બાદ સાંજે પાંચ વાગ્યાથી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયું હતું અને અચાનક પવન ફૂંકાવા લાગ્યો હતો. બાદમાં ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. શહેરના ઢેબર રોડ, યાજ્ઞીક રોડ, યુનિવર્સિટી રોડ, જંક્શન, ૧૫૦ ફૂટ રિંગ રોડ, કાલાવડ રોડ, આજીડેમ, મોરબી રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદી ઝાપટુ વરસી જતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા.






### જ્યાં સુધી ખેડૂત આત્મનિર્ભર નથી ત્યાં સુધી ભારત સંપૂર્ણ રીતે આત્મનિર્ભર બની શકશે નહી : આચાર્ય દેવવ્રત

# રાજકોટમાં રાજ્યપાલની હાજરીમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ

રાજકોટ તા.૨૪

રાજકોટમાં આજે પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. જ્યાં તેમણે ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે,ખેતી કરવાથી ૧ વર્ષમાં જ જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધશે' આ સાથે રાજકોટ જિલ્લાના ૭૫ ખેડૂત મિત્રોની 'પ્રાકૃતિક કૃષિ સાફલ્ય ગાથા' પુસ્તકનું રાજ્યપાલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં રાજ્યપાલએ વધુમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી ખેડૂત આત્મનિર્ભર નથી ત્યાં સુધી ભારત સંપૂર્ણ રીતે આત્મનિર્ભર બની શકશે નહીં. ભવિષ્યની પેઢીને ફળદ્રુપ જમીન, સ્વચ્છ પાણી અને તંદુરસ્ત હવા આપવાની જવાબદારી આપણા સૌની છે. જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત અને વાફસા થકી જમીનને ફરી જીવંત કરી શકીએ છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, યુરિયા, ડી.એન.એ અને પોટેશિયમ જેવા રાસાયણિક ખાતરોના વધુ પડતાં ઉપયોગને કારણે જમીને પોતાની ફળદ્રુપતા ગુમાવી દીધી છે. ત્યારે જમીનને ફરી જીવંત કરવા માટેનો એકમાત્ર ઉપાય છે પ્રાકૃતિક ખેતી. શરૂઆતમાં ઉત્પાદનનું પ્રમાણ ઘટશે પરંતુ આગળ જતા પેદાશોની ગુણવત્તા અને ઉત્પાદનનાં પ્રમાણમાં ખાસ્સો વધારો થશે. રાસાયણિક ખાતરોને કારણે જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઝીરો થઈ ગયું છે. પરંતુ માત્ર એક વર્ષ પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધેલું જણાશે.









